# 1. ડિસ્ટ્રીક્ટ પ્રોફાઈલ

## 1.1 કચ્છ જિલ્લાનો ઈતિહાસ

**પ્રસ્તાવના :**

ભારત દેશના ગુજરાત રાજયના 25 જિલ્લાઓ પૈકી કચ્છ જિલ્લો ગુજરાતની પશ્ચિમે આવેલ એક સરહદી જિલ્લો છે. જેની એક બાજુ આંતરરાષ્ટ્રીય સરહદ, દક્ષિણે સાગર કાંઠો, જ્યારે ઉત્તર-પૂર્વ બાજુ જમીન માર્ગથી જોડાયેલો છે. આવો, આપણે આ વિશિષ્ટ જિલ્લાનો ઇતિહાસ જાણીએ.

**ઈતિહાસ :**

કચ્છ પ્રદેશની વિશિષ્ટ ભૌગોલિક લાક્ષણિક્તાઓ અને કાચબાને મળતાં ભૂપૃષ્ઠ લક્ષણોને કારણે તેનું નામ કચ્છ પડયું. પ્રાચીન સાહિત્યમાં તેના આ નામનો ઉલ્લેખ છે. મલ્લીનાથીએ અમરકોષ પર તેના ભાપ્ય સંજીવનીમાં તેની નીચાણમાં આવેલાં ભેજવાળા પ્રદેશ કે પડતર જમીન તરીકે વ્યાખ્યા કરી છે. પુરાણમાં જૂના વખતમાં આ દેશની મુલાકાત લેનાર વિદેશી પ્રવાસીઓની આ પ્રદેશ પરની જુદી જુદી નોંધોમાં તેમજ શિલાલેખોમાં, તામ્રપત્રોમાં અને જુનાં લખાણો અને હસ્તપ્રતોમાં તેનો આ નામ તરીકે ઉલ્લેખ છે. ગ્રીક પ્રવાસી અને લશ્કરી સેનાપતિએ પણ ઈશુ ખ્રિસ્ત પહેલાંની બીજી સદી દરમિયાન તેના આબિરના મૂળ તેમને અપભ્રંશ કરીને આ પ્રદેશનો આબિરિયા કે અબીર તરીકે ઉલ્લેખ કર્યો છે. ઈ.સ.ની ત્રીજી કે ચોથી સદી સુધી અને તે પછી પણ તેમાં કચ્છ તેમજ આભિર એમ બન્ને નામો તરીકે ઉલ્લેખ છે. આ વિસ્તારમાં આભિરો વસતાં હતાં. તેના મૂળ નિવાસીઓ પરથી તે સૌ પ્રથમ આભિર તરીકે ઓળખાયો. તેની આસપાસની પાણી અને ખરાબાની જમીનથી ઘેરાયેલી અદ્વિતીય ભૌગોલિક સ્થિતિને કારણે તે પાછળથી કચ્છ તરીકે ઓળખાયો.

કચ્છની વહીવટી ભૂમિકા અસ્પષ્ટ લાગે છે. પ્રાચીન કાળથી ઉત્તર અને પૂર્વમાંથી આવેલી જુદી જુદી જાતિઓ અને આદિજાતિઓએ આ ભૂમિ પર વસવાટ કરેલો. જાણવા મળતાં ઇતિહાસના સમય દરમિયાન તે વખતો વખત સિંધ અને ગુજરાત પર સત્તા ભોગવનાર જુદાં જુદાં રાજવંશોના આધિપત્ય હેઠળ રહેલું છે. તે એક વખત મૌર્ય સામ્રાજ્યનો ભાગ હતું. ત્યારબાદ તે શક, ક્ષત્રપ, ગુહૈહૈયોની સત્તા હેઠળ આવ્યો. પાછળથી તેના પર મૈત્રક, ગુર્જર, ચૌલુક્ય, ચાવડા, સોલંકી, કાઠી અને ગુજરાતનાં બીજા રાજાઓએ રાજ્ય કર્યું. આમ, કચ્છને ગુજરાત સાથે ગાઢ સંપર્ક રહ્યો છે, જેના ઇતિહાસના પ્રવાહે આ પ્રદેશ પર ઘણી અસર કરી છે.

કચ્છના ઇતિહાસને સામાન્ય રીતે પ્રાચીન અને ઐનિક અર્થાત 14મી સદીની લગભગ શરૂઆતના સમયમાં જાડેજાના સમાના વિજય પહેલાંના અને પછીના સમયમાં એમ બે ભાગમાં વહેંચી શકાય અથવા સિંધની સમા રાજપૂત જાતિએ કચ્છ પર વિજય મેળવ્યો ત્યારે 14મી સદીમાં કચ્છનો અલગ રાજ્ય તરીકે પ્રાદુર્ભાવ થયો. જુનાં હિંદુ લખાણોમાં આ પ્રદેશનો કચ્છ કિનારાની જમીન અથવા રણ વિસ્તાર તરીકે ઉલ્લેખ થયો છે. કચ્છની અગાઉની હકીકત ગ્રીક સાહિત્યમાં જોવા મળે છે. ઇ.સ. પૂર્વે 14-124માં કચ્છ જમાનાની સૌરાષ્ટ્ર સુધી ફેલાયેલા ખનેન્દર રાજ્યનો એક ભાગ હતું. આના પછી તરત જ (ઇ.સ. પૂર્વે 120) ગ્રીકો બેકટ્રીયન સામ્રાજ્ય ઉથલી પડ્યું અને હિંદમાં શક અથવા મીન તરીકે ઓળખાતા સેતિયનોએ કચ્છમાં અને ઉત્તર ગુજરાતના બીજા ભાગોમાં વસવાટ કર્યો. લગભગ ઇ.સ. પૂર્વે 56માં વિક્રમાદિત્યે તેઓને હરાવતાં તેઓ 20 થી 30 વર્ષે વચ્ચે પાછા આવ્યા અને ચોકેત્સીને પોતાના રાજ્યની સ્થાપના કરી. આ ખ્રિસ્તી સંવતની પ્રથમ સદીમાં પર્થીયનોને ઉથલાવી દીધા કે જેઓની સત્તા સિંધથી માંડી દક્ષિણે ભરુચ સુધી હતી. ઇસુ ખ્રિસ્ત પછી પ્રથમ સદીમાં પ્લીનીએ (ઇ.સ. 77) ઉલ્લેખ કરેલા ઓડેમ્બરી સામાન્ય રીતે કચ્છનાં વતની હોવા જોઈએ અને પીટીલેમીએ (ઇ.સ. 150) વર્ણવેલું આર્બદારી એ તેમનું મુખ્ય મથક હોવું જોઈએ.કચ્છનો બીજો ઉલ્લેખ એવો છે કે આઠમી સદીની શરૂઆતના ભાગમાં (આશરે ઇ.સ. 714) તેલુગુના પ્રચારના મૃત્યુ સમયે, કચ્છ ચારણોને આપવામાં આવ્યું હતું. આ સમયે કચ્છની બીજી મુખ્ય જાતિ પૂર્વના ચાવડાઓ હતા એમ જણાય છે. આ સમય દરમિયાન આરબોએ કાઠીયાવાડ અને ગુજરાતના કિનારા પર છાપા મારવાની શરૂઆત કરીને સિંધ જીતી લીધું હતું. નવમી સદીમાં તેમણે કચ્છનાં

દરિયાકાંઠે વસવાટ શરુ કર્યો હતો. અલ્બીરુની (970-1039)માં કચ્છના હાલના નામનો ઉલ્લેખ થયેલો છે અને તેમાં જણાવ્યા મુજબ સિંધુ નદીની એક શાખા કચ્છની સરહદે હિંદ સાગરમાં મળે છે. અગિયારમી સદીના પૂર્વાંધમાં તેમાં જણાવ્યા મુજબ સિંધુ નદીની એક એક શાખા કચ્છની સરહદે સિંદ સાગરમાં મળે છે. અગિયારમી સદીના પૂર્વાધમાં (ઇ.સ. 1023) અણહિલવાડનો ભીમદેવ પહેલો (1022-1072) મહમ્મદ ગઝની કંથકોટ આવ્યો તે પહેલાં નાસી છૂટ્યો હતો. સદીના અંત વખતે, સિંધના ચોથા રાજકુમાર ઘિરે માણિકબાઇ સુધીનો વિસ્તાર કર્યો હતો.

કચ્છનો આધુનિક ઇતિહાસ સિંધની સમા રાજપૂત જાતિએ કચ્છ જીત્યું તે તારીખથી શરુ થયો એમ કહી શકાય. ચૌદમી સદી દરમિયાન આ બન્યું અથવા ઓછામાં ઓછું પુરું થયું. પંદરમી સદીના પ્રારંભમાં (1410) અમદાવાદ સલ્તનતના સ્થાપક મુઝફરશાહે (1390-1411) કંથકોટના સરદારને હરાવ્યો. આ પરાજયથી સામાન્યત: અમદાવાદની હકુમત હેઠળ હોવા છતાં, કચ્છ 1472 સુધી સ્વતંત્ર રહ્યો. સોળમી સદીની શરૂઆતમાં કચ્છના સરદારો, તટ્ટાના સમાને ઉથલાવી નાખનારા અરઉધન રાજવંશ (1519-1543) સાથે મૈત્રીભર્યા સંબંધો ધરાવતા ન હતા એવું જણાય છે. સિંધના ઇતિહાસકારો મુજબ શાહ હુસેને (1522-1544) લગભગ 1530માં એક પ્રસંગે કચ્છમાં દાખલ થઈ રાવને સજ્જડ પરાજય આપ્યો હતો. આ વખતે જાડેજા કુળની ત્રણ શાખાઓના પ્રતિનિધિ જામ દાદરજી, જામ હમીરજી અને જામરાવલ હતાં. મોગલ સમ્રાટ જહાંગીરના સમય દરમિયાન ભારમલ પોતાની સલામી પાઠવવા અમદાવાદ ગયો હતો. તેને નજરાણું ભેટ ધર્યું હતું. જહાંગીર તેના પર ઘણો પ્રસન્ન થયો હતો. તેને બદલામાં ભેટ આપી હતી અને મક્કા જતા યાત્રાળુઓને કચ્છમાંથી જવાની છૂટ આપવાની શરતે કચ્છને ખંડણીમાંથી મુક્ત કર્યો હતો. 1741માં લાખાજીરાવે તેના પિતાને અટકમાં રાખ્યા અને કચ્છની ધુરા ધારણ કરી હતી. રાવ દેસલજીએ 1860 સુધી રાજ્ય કર્યું. કેટલાંક વર્ષ સુધી રાવ દેસલજી અને તેના પાટલીપુત્ર વચ્ચે કમનસીબે ઝઘડો ચાલ્યો. પરંતુ તેના મરણ અગાઉ મૈત્રીભર્યા સંબંધો સ્થાપ્યા હતાં. 1859માં કેટલોક વખત ગંભીર માંદગીમાં સપડાયો હોઈ, રાવે રાજપ્રતિનિધિ નીમી વહીવટ કરવા સરકારને રાજ્યની ધુરાના ભારમાંથી મુક્ત કરવા પ્રાર્થના કરી હતી. તેમની ઇરછા માન્ય રાખવામાં આવી અને 12મી જુલાઇના રોજ કચ્છના રાવે રાજકીય એજન્ટના પ્રમુખપણા નીચે યુવરાજને પ્રધાન તરીકે અને બીજા બે જાડેજા નાયકોનો સલાહકાર મંડળમાં સભ્યો તરીકે પસંદ કર્યા. બીજા વર્ષે 21મી જુને રાવની તાકીદની વિનંતીથી સલાહકાર મંડળ વિખેરી નાખવામાં આવ્યું અને રાજ્યની સત્તા તેના દેખીતા વરસ રાવ પ્રાગમલજી બીજાને સોંપવામાં આવી. તેને 1860થી 1875 સુધી રાજ્ય કર્યું. રાવ પ્રાગમલજી પછી રાવ ખેંગાર ત્રીજો ગાદીએ આવ્યો. તેના રાજ્યાભિષેક વખતે તે માત્ર દસ વર્ષનો હતો અને રાજકીય બાબતોનો વહીવટ થતો હતો. આ રાજવંશ સ્વતંત્રતા પ્રાપ્તિ સુધી ચાલ્યો.

હાલનો કચ્છ જિલ્લો અગાઉના કચ્છ રાજ્યના રજવાડા અને અગાઉના મોરબી રજવાડાના 10 ગામનો બનેલો છે. 1947 પછી, તે ભાગ-ગ નું રાજ્ય હતું. તેનો વહીવટ મુખ્ય કમિશ્નર મારફત ભારત સરકાર કરતી હતી.

નવેમ્બર 1956માં રાજ્યોની પુર્નરચના થઈ અને વિદર્ભ, મરાઠાવાડ, સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશ સાથે બૃહદ દ્વિભાષી મુંબઈ રાજ્ય રચવામાં આવ્યું અને કચ્છ જિલ્લો દ્વિભાષી રાજ્યનો એક ભાગ બન્યો. છેલ્લે 1લી મે 1960ના રોજ મુંબઈ રાજ્યનું વિભાજન થયું. ગુજરાત અને મહારાષ્ટ્રના અલગ રાજ્યો રચાયાં. તે તારીખથી કચ્છ જિલ્લો નવા રચાયેલા ગુજરાત રાજ્યનો એક ભાગ બન્યો.

કચ્છ જિલ્લાના કેટલાંક ભાગ પર સાર્વભૌમત્વ બાબતમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદના ઝગડા હોવાથી, સ્વતંત્રતા બાદ કચ્છ જિલ્લા પર ખાસ ધ્યાન અપાયું. ભારત અને પાકિસ્તાન સરકારે વિવાદ નિષ્પક્ષ પંચને સોંપવાનું નક્કી કર્યું. 30મી જૂન 1965ના રોજ તેઓ પણ સંમત થયા કે પંચનો નિર્ણય બંનેને બંધનકર્તા રહેશે અને કોઈ પણ પ્રકારનાં કારણોસર તેની સામે વાંધો ઉઠાવી શકશે નહીં. જિનીવા ખાતે આ પંચનું મુખ્ય મથક હતું. પંચે બંને પક્ષોની દલીલો સાંભળી, બંને પક્ષકારોએ રજૂ કરેલા દસ્તાવેજો, નકશા વગેરે તપાસ્યા અને 19મી ફેબ્રુઆરીએ 1968ના રોજ પોતાનો ચુકાદો આપ્યો. તે ભારત પાકિસ્તાન પશ્ચિમ સરહદ કેસ પંચના ચુકાદામાં સમાવિષ્ટ છે. તદનુસાર જમીન પર થાંભલા ઉભા કરીને સરહદનું સીમાંકન કાર્ય 1968માં હાથ ધરવામાં આવ્યું અને જૂન 1969માં તે પુરું થયું.

# 1.2 કચ્છની ભૌગોલિક અને શૈક્ષણિક સંસ્થાઓની માહિતી

## 1.2.1 જિલ્લાની ભૌગોલિક માહિતી

| | | |
|---|---|---|
| ➢ જિલ્લો | : | કચ્છ |
| ➢ સ્થાન | : | 22.4 અંશથી 24.21 અંશ ઉત્તર અક્ષાંશ પર તથા 68.9 અંશ થી 71.54 અંશ પશ્ચિમ રેખાંશ પર પથરાયેલો કર્ક્વૃત્તિય પ્રદેશ એટલે કચ્છ. |
| ➢ આબોહવા | : | ગરમ છે. |
| ➢ કુલ વરસાદ | : | 246 મી.મી. |
| ➢ વિસ્તાર | : | 45652 ચો.કિ.મી. |
| ➢ તાલુકો | : | 10 (દસ) |
| ➢ વસ્તી(કુલ)વર્ષ2011 મુજબ | : | 20,92,371 |
| ➢ વસ્તી(પુરુષ)વર્ષ2011 મુજબ | : | 10,96,737 |
| ➢ વસ્તી(સ્ત્રી) વર્ષ2011 મુજબ | : | 9,95,634 |
| ➢ વસ્તી(ગ્રામ્ય) વર્ષ2011 મુજબ | : | 13,63,836 |
| ➢ વસ્તી(શહેર) વર્ષ2011 મુજબ | : | 7,28,535 |
| ➢ અક્ષરજ્ઞાન વર્ષ 2011 મુજબ | : | 12,74,242 |
| ➢ અક્ષરજ્ઞાન(ગ્રામ્ય) | : | 7,56,239 |
| ➢ અક્ષરજ્ઞાન(શહેર) | : | 5,18,003 |


## 1.2.2 શૈક્ષણિક સંસ્થાઓની વિગતો

| | | | |
|---|---|---|---|
| ➢ યુનિવર્સીટી | | : | 1 |
| ➢ જિલ્લા શિક્ષણ તાલીમ ભવન | | : | 1 |
| ➢ પ્રાથમિક શાળાઓ | | : | 1726 |
| ➢ માધ્યમિક શાળાઓ | | : | 359 |
| ➢ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | | : | 171 |
| ➢ કોલેજો | ➢ આર્ટસ | : | 07 |
| | ➢ સાયન્સ | : | 02 |
| | ➢ કોમર્સ | : | 08 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ➢ પી.ટી.સી. કોલેજ | : | 03 | | | |
| ➢ બી.એડ. કોલેજ | : | 06 | ➢ બી.એડ સ્પેશ્યલ | : | 01 |
| ➢ ફાર્મસી કોલેજ | : | 03 | ➢ બી.બી.એ. –બી.સી.એ. | : | 01 |
| ➢ પોલીટેકનીક કોલેજ | : | 02 | ➢ એમ.બી.એ. | : | 01 |
| ➢ એન્જીનીયરીંગ કોલેજ | : | 01 | ➢ બી.એ.જર્નાલિઝમ | : | 01 |
| ➢ લો કોલેજ | : | 02 | ➢ પી.જી.ડી.સી.એ. | : | 01 |
| ➢ એમ.એસ.ડબલ્યુ. | : | 03 | ➢ પી.જી.ડી.એચ.આર.એમ. | : | 01 |
| ➢ સી.આર.સી. ની સંખ્યા | : | 180 | ➢ બી.પી.એડ. | : | 01 |
| ➢ બી.આર.સી. ની સંખ્યા | : | 10 | | | |

## 1.3 કચ્છ જિલ્લામાં જોવાલાયક સ્થળોની યાદી

| ક્રમ | તાલુકો | સ્થળ |
|---|---|---|
| 1 | ભુજ | જૂની ઐતિહાસિક ઇમારતો, પ્રાગમહેલ, શરદબાગ પેલેસ, આયના મહેલ, છતરડી, રાજમહેલ, ભુજિયો ડુંગર, દેસલસર અને હમીરસર તળાવ, કચ્છ સંગ્રહાલય, સ્વામિનારાયણ મંદિર, હાટકેશ્વર મંદિર, ભુજંગનાથ કે સૂર્ય મંદિર, આશાપુરા માતાનું મંદિર, કોટાય, દત્તાત્રેય ભગવાનનું મંદિર (કાળોડુંગર) સફેદ રણ, ધ્રંગ, રુદ્રાણી, હાજીપીર દરગાહ |
| 2 | મુન્દ્રા | અદાણી પોર્ટ, જૈન મુનિની પાદુકા પરનું છત્ર, જૈન તીર્થ ભદ્રેશ્વર, અહિંસા ધામ (પ્રાગપર ચોકડી), વાંકી જૈન તીર્થ, શાહ બુખારી દરગાહ |
| 3 | માંડવી | વૈષ્ણવ મંદિર, લક્ષ્મીનારાયણ મંદિર, સ્વામિનારાયણ મંદિર, ધોરમનાથ મંદિર, પિરતાનાસાગી કબર, રાવલપીરનું સ્થાનક, ગંગાજી – જમનાજી પવિત્ર કુંડ, રામપર વેકરા, ક્રાંતિતીર્થ –માંડવી, અંબેધામ ગોધરા, બૌતેર જિનાલય – કોડાય રોડ, દરિયા કિનારો, વિજય વિલાસ પેલેસ |
| 4 | અબડાસા | જખૌ, તેરા, કોઠારા, સુથરી જૈન પંચતીર્થો, પિંગલેશ્વર દરિયા કાંઠો |
| 5 | લખપત | કોટેશ્વર શિવનું મંદિર, નારાયણ સરોવર, આશાપુરા માતાનું મંદિર, માતાના મઢ તા.લખપત, પાન્ધ્રો લિગ્નાઇટ ખાણ, મુરચબાણ તીર્થ |
| 6 | ભચાઉ | પુરાતન કિલ્લો કંથકોટ, ધોળાવીરા પુરાતત્ત્વ સાઇટ (ખડીર) |
| 7 | અંજાર – ગાંધીધામ | કંડલા મહાબંદર, કિડાણા, જેસલ તોરલની સમાધિ, વીરા, જોગણી માતાનું મંદિર, સ્પેશિયલ ઇકોનોમિક ઝોન ગાંધીધામ |
| 8 | રાપર | રવેચી માતાજીનું મંદિર, કચ્છનું રણ, ઘૂડખર અભયારણ્ય |
| 9 | નખત્રાણા | મોટા યક્ષનું સ્થાનક, છારી ઢંઢ, પીયોણી, ધીણોધર ડુંગર, રોહાનો કિલ્લો, પુંઅરેશ્વર |



# 1.4 વિસ્તાર અને વસતિ

## કચ્છ જિલ્લાની 2011ની વસતિ ગણતરી મુજબ વસતિ વિષયક આંકડા

| ક્રમ | તાલુકા નું નામ | ગ્રામ્ય વસ્તી | | | શહેરી વસ્તી | | | કુલ વસ્તી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| 1 | લખપત | 32274 | 30278 | 62552 | 0 | 0 | 0 | 32274 | 30278 | 62552 |
| 2 | રાપર | 96677 | 92231 | 188908 | 14388 | 14019 | 28407 | 111065 | 106250 | 217315 |
| 3 | ભચાઉ | 76236 | 70267 | 146503 | 21661 | 17871 | 39532 | 97897 | 88138 | 186035 |
| 4 | અંજાર | 78229 | 70125 | 148354 | 45172 | 42011 | 87183 | 123401 | 112136 | 235537 |
| 5 | ભુજ | 116990 | 112765 | 229755 | 111146 | 102368 | 213514 | 228136 | 215133 | 443269 |
| 6 | નખત્રાણા | 74380 | 71987 | 146367 | 0 | 0 | 0 | 74380 | 71987 | 146367 |
| 7 | અબડાસા | 61387 | 56151 | 117538 | 0 | 0 | 0 | 61387 | 56151 | 117538 |
| 8 | માંડવી | 77908 | 74089 | 151997 | 26075 | 25301 | 51376 | 103983 | 99390 | 203373 |
| 9 | મુન્દ્રા | 78986 | 53895 | 132881 | 10885 | 9453 | 20338 | 89871 | 63348 | 153219 |
| 10 | ગાંધીધામ | 20457 | 18524 | 38981 | 153886 | 134299 | 288185 | 174343 | 152823 | 327166 |
| | કુલ | **713524** | **650312** | **1363836** | **383213** | **345322** | **728535** | **1096737** | **995634** | **2092371** |

માહિતીપ્રાપ્તિ સ્થાન : ડિસ્ટ્રીકટ પ્રો.કો.ઓર્ડી. શ્રી, એસ.એસ.એ. એમ., ભુજ

## 1.5 કચ્છ જિલ્લાની શાળાઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સંખ્યાની માહિતી

| ક્રમ | તાલુકો | શાળાની સંખ્યા | વિદ્યાર્થીની સંખ્યા | શિક્ષકની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | ભુજ | 342 | 47748 | 1743 |
| 2 | માંડવી | 168 | 21470 | 836 |
| 3 | મુન્દ્રા | 105 | 14455 | 586 |
| 4 | અંજાર | 130 | 19942 | 678 |
| 5 | ભચાઉ | 173 | 24981 | 906 |
| 6 | રાપર | 299 | 32240 | 1321 |
| 7 | અબડાસા | 174 | 16769 | 689 |
| 8 | નખત્રાણા | 173 | 18927 | 814 |
| 9 | લખપત | 107 | 9629 | 411 |
| 10 | ગાંધીધામ | 55 | 15529 | 488 |
| | **કુલ** | **1726** | **223690** | **8472** |

માહિતી પ્રાપ્તિ સ્થાન: જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત કચેરી, ભુજ

## 1.6 કચ્છ જિલ્લાના વિદ્યાર્થીઓની જાતિવાર માહિતી

| ક્રમ | તાલુકો | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| 1 | ભુજ | 24154 | 23594 | 47748 |
| 2 | માંડવી | 10749 | 10721 | 21470 |
| 3 | મુન્દ્રા | 7056 | 7399 | 14455 |
| 4 | અંજાર | 10189 | 9753 | 19942 |
| 5 | ભચાઉ | 12993 | 11988 | 24981 |
| 6 | રાપર | 17719 | 16521 | 32240 |
| 7 | અબડાસા | 8689 | 8080 | 16769 |
| 8 | નખત્રાણા | 9741 | 9186 | 18927 |
| 9 | લખપત | 4837 | 4792 | 9629 |
| 10 | ગાંધીધામ | 7567 | 7962 | 15529 |
| | **કુલ** | **113694** | **109996** | **223690** |

માહિતી પ્રાપ્તિ સ્થાન: જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત કચેરી, ભુજ

## 1.7 કચ્છ જિલ્લામાં કાર્યરત પ્રાથમિક શિક્ષકોની માહિતી

| ક્રમ | તાલુકાનું નામ | કામ કરતા શિક્ષકો | | |
|---|---|---|---|---|
| | | **ધોરણ 1 થી 5 ના શિક્ષકો** | **ધોરણ 6 થી 8 ના શિક્ષકો** | **એકંદરે કુલ** |
| 1 | ભુજ | 1097 | 646 | 1743 |
| 2 | માંડવી | 516 | 320 | 836 |
| 3 | મુન્દ્રા | 363 | 223 | 586 |
| 4 | અંજાર | 381 | 297 | 678 |
| 5 | ભચાઉ | 562 | 344 | 906 |
| 6 | રાપર | 868 | 453 | 1321 |
| 7 | અબડાસા | 454 | 235 | 689 |
| 8 | નખત્રાણા | 463 | 351 | 814 |
| 9 | લખપત | 279 | 132 | 411 |
| 10 | ગાંધીધામ | 294 | 194 | 488 |
| | **કુલ** | **5277** | **3195** | **8472** |

માહિતી પ્રાપ્તિ સ્થાન : ડિસ્ટ્રીક્ટ પ્રો.કો.ઓડિ. શ્રી, એસ.એસ.એ.એમ., ભુજ

# 1.8 જિલ્લાની શાળાવાર વિદ્યાર્થીની સંખ્યા (ધોરણ 1 થી 5 માટે)

| અનુ. | તાલુકો | શાળાઓની સંખ્યા | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 100 સુધી વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ | 101 થી 200 સુધી વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ | 201 થી 300 સુધી વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ | 301 થી 400 સુધી વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ | 401 થી 500 સુધી વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ | 500થી વધુ વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ | કુલ |
| 1 | ભુજ | 221 | 97 | 17 | 5 | 2 | 0 | 342 |
| 2 | માંડવી | 119 | 37 | 10 | 2 | 0 | 0 | 168 |
| 3 | મુન્દ્રા | 68 | 33 | 3 | 1 | 0 | 0 | 105 |
| 4 | અંજાર | 53 | 47 | 23 | 7 | 0 | 0 | 130 |
| 5 | ભચાઉ | 109 | 46 | 16 | 1 | 1 | 0 | 173 |
| 6 | રાપર | 223 | 55 | 16 | 4 | 1 | 0 | 299 |
| 7 | અબડાસા | 142 | 28 | 4 | 0 | 0 | 0 | 174 |
| 8 | નખત્રાણા | 125 | 44 | 4 | 0 | 0 | 0 | 173 |
| 9 | લખપત | 89 | 15 | 2 | 1 | 0 | 0 | 107 |
| 10 | ગાંધીધામ | 16 | 18 | 12 | 6 | 2 | 1 | 55 |
| | કુલ | **1165** | **420** | **107** | **27** | **6** | **1** | **1726** |

માહિતી પ્રાપ્તિ સ્થાન : ડિસ્ટ્રીક્ટ પ્રો.કો.ઓર્ડિ. શ્રી, એસ.એસ.એ.એમ., ભુજ

# 1.9 જિલ્લાની શાળાવાર વિદ્યાર્થીની સંખ્યા (ધોરણ 6 થી 8 માટે)

| અનુ. | તાલુકો | શાળાઓની સંખ્યા | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | **100 સુધી વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ** | **101 થી 200 સુધી વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ** | **201 થી 300 સુધી વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ** | **301 થી 400 સુધી વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ** | **401 થી 500 સુધી વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ** | **500થી વધુ વિદ્યાર્થીની સંખ્યાવાળી શાળાઓ** | **કુલ** |
| 1 | ભુજ | 287 | 50 | 5 | 0 | 0 | 0 | 342 |
| 2 | માંડવી | 141 | 23 | 4 | 0 | 0 | 0 | 168 |
| 3 | મુન્દ્રા | 92 | 11 | 2 | 0 | 0 | 0 | 105 |
| 4 | અંજાર | 84 | 39 | 7 | 0 | 0 | 0 | 130 |
| 5 | ભચાઉ | 142 | 30 | 1 | 0 | 0 | 0 | 173 |
| 6 | રાપર | 257 | 39 | 3 | 0 | 0 | 0 | 299 |
| 7 | અબડાસા | 162 | 12 | 0 | 0 | 0 | 0 | 174 |
| 8 | નખત્રાણા | 160 | 13 | 0 | 0 | 0 | 0 | 173 |
| 9 | લખપત | 103 | 4 | 0 | 0 | 0 | 0 | 107 |
| 10 | ગાંધીધામ | 30 | 16 | 6 | 3 | 0 | 0 | 55 |
| | કુલ | **1458** | **237** | **28** | **3** | **0** | **0** | **1726** |

માહિતી પ્રાપ્તિ સ્થાન : ડિસ્ટ્રીક્ટ પ્રો.કો.ઓર્ડિ. શ્રી, એસ.એસ.એ.એમ., ભુજ

# 1.10 તાલુકાવાર – શિક્ષકવાર શાળાઓની સંખ્યા (ધોરણ 1 થી 5 માટે)

| અનુ. | તાલુકો | 0 શિક્ષકવાળી શાળાઓ | 1 શિક્ષકવાળી શાળાઓ | 2 શિક્ષકવાળી શાળાઓ | 3 થી 5 શિક્ષકવાળી શાળાઓ | 6 થી 10 શિક્ષકવાળી શાળાઓ | 10 થી વધુ શિક્ષકવાળી શાળાઓ | એકંદરે કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભુજ | 2 | 30 | 131 | 146 | 32 | 1 | 342 |
| 2 | માંડવી | 1 | 18 | 67 | 70 | 12 | 0 | 168 |
| 3 | મુન્દ્રા | 1 | 4 | 33 | 63 | 4 | 0 | 105 |
| 4 | અંજાર | 0 | 11 | 27 | 65 | 26 | 1 | 130 |
| 5 | ભચાઉ | 1 | 20 | 67 | 71 | 13 | 1 | 173 |
| 6 | રાપર | 1 | 41 | 143 | 95 | 18 | 1 | 299 |
| 7 | અબડાસા | 1 | 21 | 88 | 64 | 0 | 0 | 174 |
| 8 | નખત્રાણા | 1 | 8 | 83 | 77 | 4 | 0 | 173 |
| 9 | લખપત | 2 | 12 | 54 | 36 | 3 | 0 | 107 |
| 10 | ગાંધીધામ | 7 | 1 | 5 | 20 | 17 | 5 | 55 |
|  | કુલ | **17** | **166** | **698** | **707** | **129** | **9** | **1726** |

માહિતી પ્રાપ્તિ સ્થાન : ડિસ્ટ્રીક્ટ પ્રો.કો.ઓડિ. શ્રી, એસ.એસ.એ.એમ., ભુજ

## 1.11 તાલુકાવાર – શિક્ષકવાર શાળાઓની સંખ્યા (ધોરણ 6 થી 8 માટે)

| અનુ. | તાલુકો | 0 શિક્ષકવાળી શાળાઓ | 1 શિક્ષકવાળી શાળાઓ | 2 શિક્ષકવાળી શાળાઓ | 3 થી 5 શિક્ષકવાળી શાળાઓ | 5વધુ શિક્ષકવાળી શાળાઓ | એકંદરે કુલ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ભુજ | 108 | 36 | 59 | 115 | 24 | 342 |
| 2 | માંડવી | 40 | 20 | 39 | 60 | 9 | 168 |
| 3 | મુન્દ્રા | 13 | 17 | 28 | 42 | 5 | 105 |
| 4 | અંજાર | 16 | 14 | 16 | 69 | 15 | 130 |
| 5 | ભચાઉ | 30 | 29 | 34 | 75 | 5 | 173 |
| 6 | રાપર | 83 | 61 | 55 | 91 | 9 | 299 |
| 7 | અબડાસા | 53 | 44 | 49 | 27 | 1 | 174 |
| 8 | નખત્રાણા | 27 | 21 | 58 | 65 | 2 | 173 |
| 9 | લખપત | 41 | 15 | 29 | 22 | 0 | 107 |
| 10 | ગાંધીધામ | 12 | 2 | 9 | 15 | 17 | 55 |
| | **કુલ** | **423** | **259** | **376** | **581** | **87** | **1726** |

માહિતી પ્રાપ્તિ સ્થાન : ડિસ્ટ્રીક્ટ પ્રો.કો.ઓડિ. શ્રી, એસ.એસ.એ.એમ., ભુજ

# 1.12 જિલ્લાના તાલુકાવાર સી.આર.સી. અને સી.આર.સી.કો.-ઓર્ડિનેટર્સની સંખ્યા

| અનુ. | તાલુકો | સી.આર.સી. ની સંખ્યા | સી.આર.સી.કો.-ઓર્ડિનેટર્સની સંખ્યા |
|---|---|---|---|
| 1 | ભુજ | 34 | 34 |
| 2 | માંડવી | 18 | 18 |
| 3 | મુન્દ્રા | 11 | 11 |
| 4 | અંજાર | 16 | 15 |
| 5 | ગાંધીધામ | 8 | 8 |
| 6 | ભચાઉ | 18 | 18 |
| 7 | રાપર | 29 | 29 |
| 8 | અબડાસા | 19 | 19 |
| 9 | નખત્રાણા | 16 | 15 |
| 10 | લખપત | 11 | 10 |
| | **કુલ** | **180** | **177** |

માહિતી પ્રાપ્તિ સ્થાન : ડિસ્ટ્રીક્ટ પ્રો.કો.ઓડિ. શ્રી, એસ.એસ.એ.એમ., ભુજ

# 1.13 જિલ્લાની માધ્ય./ઉ.મા. શાળાઓની સંખ્યા

| ક્રમ | તાલુકો | એસ.વી.એસ. નું નામ | શાળાઓની સંખ્યા | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | માધ્યમિક શાળાઓ | | | | ઉ.મા. શાળાઓ | | | | કુલ શાળાઓ | | | |
| | | | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી | કુલ | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી | કુલ | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી | કુલ |
| 1 | ભુજ | સાંદીપની | 31 | 8 | 26 | 65 | 7 | 11 | 26 | 44 | 38 | 19 | 52 | 109 |
| 2 | ગાંધીધામ | દ્રોણાચાર્ય | 33 | 13 | 63 | 109 | 2 | 8 | 13 | 23 | 35 | 21 | 76 | 132 |
| 3 | અંજાર | | | | | | | | | | | | | |
| 4 | માંડવી | શ્યામજી કૃષ્ણવર્મા | 25 | 14 | 11 | 50 | 8 | 12 | 21 | 41 | 33 | 26 | 32 | 91 |
| 5 | મુન્દ્રા | | | | | | | | | | | | | |
| 6 | નખત્રાણા | વિવેકાનંદ | 33 | 9 | 11 | 53 | 11 | 10 | 11 | 32 | 44 | 19 | 22 | 85 |
| 7 | અબડાસા | | | | | | | | | | | | | |
| 8 | લખપત | | | | | | | | | | | | | |
| 9 | ભચાઉ | ચાણક્ય | 46 | 17 | 19 | 82 | 11 | 8 | 12 | 31 | 57 | 25 | 31 | 113 |
| 10 | રાપર | | | | | | | | | | | | | |
| | **કુલ** | **5** | **168** | **61** | **130** | **359** | **39** | **49** | **83** | **171** | **207** | **110** | **213** | **530** |

માહિતી પ્રાપ્તિ સ્થાન : જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ભુજ

# 2. PAC મીટીંગ

## પ્રોગ્રામ એડવાઇઝરી કમિટીની બેઠક

➢ **પ્રસ્તાવના :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા યોજાતા શૈક્ષણિક કાર્યક્રમો અને પ્રવૃત્તિઓના સમગ્ર આયોજન અને સંચાલન અંગે માર્ગદર્શન અને સલાહ માટે કાર્યક્રમ સલાહકાર સમિતિ (પીએસી)ની રચના દરેક જિલ્લામાં કરવામાં આવેલ છે. આ સમિતિની બેઠક વર્ષમાં બે વાર મળે છે. આ સમિતિઓના સભ્યો સાથેના પરામર્શન બાદ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તેના શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ કરે છે.

➢ **કાર્યક્રમ સલાહકાર સમિતિ (પીએસી)ના હેતુઓ :**

- ➢ શૈ. કાર્યક્રમો અને પ્રવૃત્તિઓના આયોજન અને સંચાલન અંગે માર્ગદર્શન અને સલાહ આપવા.
- ➢ જિ. શિ. તા. ભવન દ્વારા થયેલ કાર્યક્રમોની સમીક્ષા કરવી.
- ➢ જિ. શિ. તા. ભવન અંતર્ગત થયેલ શૈ. કાર્યક્રમોની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શક સૂચનો આપવા.
- ➢ જિ. શિ. તા. ભવન દ્વારા થતાં કાર્યક્રમોની માહિતી જનસમુદાય સુધી પહોંચાડવી.
- ➢ જિ. શિ. તા. ભવન દ્વારા યોજાતા ઈનોવેટિવ કાર્યક્રમોની અસરકારકતા વધારવા માર્ગદર્શન અને સૂચનો આપવા.

➢ **કાર્યક્રમ સલાહકાર સમિતિના કાર્યો :**

કાર્યક્રમ સલાહકાર સમિતિના કાર્યો નીચે મુજબ છે.

- ➢ જિ. શિ. તા. ભવન દ્વારા યોજાતા શૈ. કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ અંગે સલાહ અને માર્ગદર્શન આપે છે.
- ➢ જિ. શિ. તા. ભવન દ્વારા યોજાતા ઈનોવેટિવ કાર્યક્રમો અંગે માર્ગદર્શન આપે છે.
- ➢ જિ.શિ. તા. ભવન દ્વારા યોજાતા કાર્યક્રમોની અસરકારકતા વધારવા સૂચનો કરે છે.
- ➢ જિ.શિ. તા. ભવન દ્વારા યોજાતા કાર્યક્રમોની માહિતી જનસમુદાય સુધી પહોચાડે છે.
- ➢ કાર્યક્રમ સલાહકાર સમિતિ શિક્ષક તાલીમકાર્ય અને સંશોધન જેવા વિવિધ પ્રકારના કાર્યક્રમોને તપાસવા પેટા સમિતિઓ રચી માર્ગદર્શન આપે છે.

➢ **શિક્ષક પ્રશિક્ષણની 12મી યોજના અંતર્ગત કાર્યક્રમ સલાહકાર સમિતિ :**

કારોબારી સમિતિ સ્વરૂપે PACની એક લઘુ આવૃત્તિ હોઈ શકે, જેનું નેતૃત્વ જિલ્લા પરિષદના નેતા કે જિલ્લા ન્યાયાધીશનું હોઈ શકે.

➢ **કાર્યક્રમ સલાહકાર સમિતિના સભ્યો :**

| ક્રમ | વિગત | હોદ્દો |
|---|---|---|
| 1 | જિલ્લા સમાહર્તા (જિલ્લા મેજિસ્ટ્રેટ/ જિલ્લા કલેકટર) | અધ્યક્ષ |
| 2 | જિલ્લા વિકાસ અધિકારી | ઉપાધ્યક્ષ |
| 3 | જિલ્લા શિક્ષણ અધિકારી | સભ્ય |
| 4 | જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી | સભ્ય |
| 5 | SSA અને RMSAના જિલ્લા પ્રોજેક્ટ કો.- ઓર્ડિનેટર | સભ્ય |
| 6 | ડાયટના સિનિયર લેક્ચરર (બે) | સભ્ય |
| 7 | શાળાના મુખ્ય શિક્ષક (બે) | સભ્ય |
| 8 | આદિજાતિ કલ્યાણ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, લઘુમતી વિભાગ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ (એક – એક પ્રતિનિધિ) | સભ્ય |
| 9 | બી. આર. સી. કો. –ઓર્ડિનેટર (એક) | સભ્ય |
| 10 | સી.આર.સી. કો. – ઓર્ડિનેટર (એક) | સભ્ય |
| 11 | આનગી/અનુદાનિત/બિન અનુદાનિત શિક્ષણ પ્રશિક્ષણ કોલેજ (ડી.એલ.એડ.અને બી.એડ.) માંથી એક આચાર્ય | સભ્ય |
| 12 | આઈ.એ.એસ.ઈ.ના પ્રાચાર્ય | સભ્ય |
| 13 | સી.ટી.ઈ.ના પ્રાચાર્ય | સભ્ય |
| 14 | SCERTના નિયામકશ્રીના પ્રતિનિધિ | સભ્ય |
| 15 | શિક્ષક પ્રશિક્ષણના ક્ષેત્રમાં કામ કરતી એક NGOના પ્રતિનિધિ | સભ્ય |
| 16 | પી.એસ.ટી.ઈ.માંથી બે તાલીમાર્થીઓ (સિનિયર અને જુનિયર) | સભ્ય |
| 17 | કાયટના પ્રાચાર્ય | કન્વીનર |

# પ્રોગ્રામ એડવાઇઝરી કમીટી (PAC) બેઠક અહેવાલ

આજ રોજ તા.28/01/2020ના મંગળવારના દિને PAC બેઠક કોન્ફરન્સ હોલ, કલેકટર કચેરી, ભુજ ખાતે યોજવામાં આવી હતી. આ બેઠકમાં કલેકટરશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી સંજયભાઈ પરમાર, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના પ્રતિનિધિરૂપ જિલ્લા શિક્ષણ નિરીક્ષક શ્રી ભુપેન્દ્રસિંહજી વાઘેલા, માનવજ્યોત સંસ્થાના પ્રમુખ શ્રી પ્રબોધભાઈ મુનવર, ડી.એલ.એડ. કોલેજ મુન્દ્રાના આચાર્ય, બી. આર.સી. કો-ઓર્ડિનેટરશ્રી, સી. આર.સી. કો-ઓર્ડિનેટરશ્રી, પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓ પૈકી બે પ્રતિનિધિઓ અને ડાયેટ ફેકલ્ટીઝના PAC મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રોગ્રામ એડવાઇઝરી કમિટી(PAC) બેઠકની શરુઆતમાં ડાયેટ ભુજની CMDE શાખાના સિ.લેકચરર ડો. દક્ષાબેન મહેતા દ્વારા સૌને આવકાર આપવામાં આવ્યો હતો. ત્યારબાદ કચ્છ કલેકટર શ્રી પ્રવિણા ડી. કે.નું સ્વાગત કરવામાં આવ્યું હતું. તે જ રીતે ડાયટ ભુજના પ્રાચાર્યશ્રી અને ડાયટ ફેકલ્ટીઝ દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ નિરીક્ષકશ્રી અને માનવજ્યોત સંસ્થાના પ્રમુખ શ્રી પ્રબોધભાઈ મુનવરનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડાયટ ભુજની P & M શાખાના લેકચરર શ્રી એ. પી. સુથાર દ્વારા PAC બેઠકનો પ્રસંગ પરિચય આપવામાં આવ્યો હતો. ત્યારબાદ બેઠકના એજન્ડા મુજબ રજૂઆત કરવામાં આવી હતી અને PAC બેઠકનું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.

PAC બેઠકના પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનમાં સૌપ્રથમ એજન્ડા-1 મુજબ ડાયટ ભુજ દ્વારા વર્ષ 2019-20માં થયેલ કાર્યક્રમોની વિગત રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ એજન્ડા-2 મુજબ ડાયટ ભુજના એન્યુઅલ વર્કપ્લાન વર્ષ : 2020-21ના કાર્યક્રમોની વિગત અને સમીક્ષા અંતર્ગત સમગ્ર રજૂઆત પ્રાચાર્ય શ્રી એચ. ટી. ગોર દ્વારા કરવામાં આવી હતી. જેમાં Programmes & Activities, Research અને DIET Faculties Developmentનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેની એજન્ડા-2 માં વિગતે રજૂઆત કરવામાં આવી હતી. સંપૂર્ણ પ્રેઝન્ટેશન થઈ ગયા બાદ કલેક્ટરશ્રીની ઉપસ્થિતિમાં ડાયટ ભુજના પ્રાચાર્યએ જરૂરી સૂચનો આપવા જણાવ્યું હતું.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી સંજયભાઈ પરમાર દ્વારા પ્રાથમિક શાળામાં નામાંકન વધે અને ડ્રોપ આઉટ રેટ ઘટે તેવા પ્રયત્નો કરવા જણાવવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણ નિરીક્ષક શ્રી ભુપેન્દ્રસિંહજી વાઘેલા દ્વારા માધ્યમિક શાળાઓના શિક્ષકો માટે પણ કચ્છી ભાષાની તાલીમ આપવામાં આવે તો માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સમસ્યાઓ અને પ્રશ્નો સમજવામાં ઉપયોગી પુરવાર થાય તેમ જણાવ્યું હતું. માનવજ્યોત સંસ્થાના પ્રમુખ શ્રી પ્રબોધભાઈ મુનવરે ગરીબ અને રખડતા બાળકોને ભણતા કરવા માટે હાથ ધરેલ સેવાકાર્ય અંતર્ગત શરુ કરેલ શાળાની વાત કરી હતી.

કચ્છ કલેકટરશ્રી પ્રવિણા ડી. કે. દ્વારા શિક્ષકોને જરૂરીયાત મુજબ અને રસ-રુચિ મુજબની તાલીમ અપાય તે માટે જિલ્લાના જુદા જુદા તાલુકામાંથી અલગ અલગ શિક્ષકોને વારાફરતી તમામ પ્રકારની તાલીમોમાં ભાગ લેવા મળે તેવું આયોજન કરવા જણાવ્યું હતું. કચ્છની સ્થાનિક પરિસ્થિતિ મુજબ શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા પ્રયાસો કરવામાં આવે તથા તાલીમ બાદ તાલીમ મેળવેલ શિક્ષકો પાસેથી ફોલોઅપ કાર્ય મેળવવામાં આવે તે બાબત પર ભાર મુક્યો હતો.


કચ્છ કલેક્ટરશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા શિક્ષણ નિરીક્ષકશ્રીએ કામની વ્યસ્તતા વચ્ચે PAC બેઠક માટે સમય ફાળવ્યો અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેઓ એજન્ડા-1 મુજબ ડાયટ ભુજ દ્વારા વર્ષ : 2019-20માં થયેલ કાર્યક્રમોની વિગતથી અવગત થયા હતા. અને એજન્ડા -2 મુજબ ડાયટ ભુજના એન્યુઅલ વર્કપ્લાન વર્ષ: 2020-21ના કાર્યક્રમોમાં જરૂરી સુધારા કરવા હેતુપૂર્ણ અને જરૂરીયાત આધારિત કાર્યક્રમો કરવા તરફ ધ્યાન દોર્યું હતું. PAC બેઠકના અંતે સૌ PAC મેમ્બર્સ ચા-નાસ્તો કરી છૂટા પડયા હતા.

# 3. ડાયટનો ઇન્ટ્રોડકશન (રૂપરેખા)

## 3.1 પ્રસ્તાવના :

કોઇપણ રાષ્ટ્રના સંપૂર્ણ વિકાસ માટે ત્રણ ક્ષેત્રો મહત્વના છે. આ ત્રણ ક્ષેત્રોમાં રાષ્ટ્ર જેટલું મજબુત તેટલો તે રાષ્ટ્રનો વિકાસ વધારે સારો આ ત્રણ ક્ષેત્રો છે. સલામતીક્ષેત્ર, સ્વાસ્થ્યક્ષેત્ર અને શિક્ષણક્ષેત્ર છે. શિક્ષણ એ માનવ વિકાસનું એક મહત્ત્વનું અંગ છે. આપણા દેશની તમામ યોજનાઓમાં શિક્ષણને હંમેશા વધારેને વધારે મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. સંપૂર્ણ રાષ્ટ્રને સાક્ષર બનાવવા માટે સરકારે પ્રાથમિક શિક્ષણને મફત ફરજીયાત અને સાર્વજનિક બનાવવાનો નિર્ણય કર્યો.

ભારતના શિક્ષણ વિકાસના ઇતિહ્રાસમાં 1986માં અમલમાં મુકાયેલ રાષ્ટ્રીય શિક્ષણનીતિ એક નોંધપાત્ર પગલું છે. આ નીતિ દ્વારા રાષ્ટ્રે શિક્ષણના વિકાસની દિશામાં નોંધપાત્ર પ્રગતિ કરવા માટેની દિશાચિહ્નો દર્શાવ્યા. આ નીતિમાં મુખ્યત્વે બે બાબતોને ખાસ ભાર આપવામાં આવ્યો.



## 4 ડાયટ(જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન)ના હેતુઓ :

ડાયટ જિ. શિ. અને તા. ભવનનું કેન્દ્રવર્તી ધ્યેય – પ્રારંભિક અને પ્રૌઢશિક્ષણના ક્ષેત્રમાં હાથ ધરતા વિવિધ વ્યૂહરચના અને કાર્યક્રમોની સફળતા માટે પાયાના સ્તરે શૈક્ષણિક અને સાધનરૂપ સહાય પૂરી પાડવી.

આ હેતુનું પૃથ્થકરણ કરતા નીચેની બાબતો સ્પષ્ટ થાય છે.

- ભવનના વ્યાપમાં પ્રારંભિક અને પ્રૌઢશિક્ષણનો સમાવેશ થાય છે.
- પ્રારંભિક શિક્ષણમાં સાર્વત્રિકરણ, સ્થાયીકરણ અને ગુણવત્તા ધરાવતા શિક્ષણ પર ભાર મુકવામાં આવે છે. શાળાકીય અને આશાલેય બંને પ્રકારના બાળકોના શિક્ષણ અંગે પણ વિચારવા દર્શાવાયું છે.
- નિરક્ષરતાનું નિવારણ થાય તે માટે 15 થી 35 વયજૂથમાં આવતી વ્યકિતઓને રાષ્ટ્રીય સાક્ષરતા મિશન ()માં આવરી લેવાના છે. આ કાર્યમાં તાલીમી ભવનોએ મહત્વપૂર્ણ કામગીરી કરવાની છે.
- રાજ્ય દ્વારા હાથ ધરાતા કાર્યક્રમોનો જિલ્લા કક્ષાએ અમલ કરવાનો છે. યોજનાનું અમલીકરણ, કાર્યન્વય તથા મૂલ્યાંકન એ તમામ બાબતોમાં ધ્યાન આપવાનું છે.
- અંતરિયાળ વિસ્તારની શાળાઓ, બાળકો, શિક્ષણકેન્દ્રો સાથે રહી તેમને વિવિધ સહાય પૂરી પાડવાની રહે છે.
- તાલીમ ભવને આ માટે કેન્દ્રવર્તી શાખા તરીકે કાર્ય કરવાનું છે.
- જિ. શિ. અને તા. ભવને ચોક્કસ કાર્યક્ષમ આયોજન, કામગીરીનો અમલ, સુસંવાદી અને સર્જનાત્મક સંસ્થાકીય વાતાવરણ, સ્વચ્છ અને આકર્ષણ કેમ્પસનો નિભાવ વગેરે રૂપે એક આદર્શ પૂરો પાડવાનો રહેશે.

## 5 ડાયટના કાર્યો :-

ડાયટના કાર્યો અંગે જોઈએ તો મુખ્યત્વે અનુમાન કક્ષા તેમજ નિરંતર કક્ષાએ તાલીમ, સાધન સહાય**,** માર્ગદર્શન**,** સાધન સામગ્રી સહાય**,** મૂલ્યાંકનના ઉપકરણો વગેરેનો વિકાસ અને ક્રિયાત્મક સંશોધન. વિગતવાર જોઈએ તો .....

- પૂર્વ સેવાકાલીન અને સેવાકાલીન તાલીમ કાર્યક્રમો હાથ ધરવા.
- પ્રા. શિક્ષકોની શૈ. અને વ્યવસાયિક સજ્જતાને વધારવા પ્રયત્નો કરવા.
- શૈક્ષણિક સંશોધનોના આધારે નવા પ્રવાહોથી શિક્ષકોને વાકેફ કરવા અને સજ્જ કરવા તાલીમી કાર્યક્રમો યોજવા.
- સિદ્ધિ સર્વેક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને સિદ્ધ કરેલ ક્ષમતા અને કચાશ રહી ગયેલ ક્ષમતાને ઓળખીને ઉપચારાત્મકકાર્ય હાથ ધરી તે અંગે માર્ગદર્શન આપવું.
- તરંગ ઉલ્લાસ કાર્યક્રમ, શાળા તત્પરતા, બાળમેળા જેવા કાર્યક્રમો અંગે અને તેના અમલીકરણ અંગે માર્ગદર્શન આપવું.
- શૈ. સાધન સામગ્રી, સાહિત્ય સર્જન તથા દશ્ય-શ્રાવ્ય સાધન સામગ્રીના અસરકારક ઉપયોગ અંગે શિક્ષકોની સજ્જતા વધારતા કાર્યશિબિરોનું આયોજન હાથ ધરવું.
- શિક્ષણ નિરીક્ષકો, સી.આર.સી.કો **–** ઓર્ડિનેટર, આચાર્ય અને રિસોર્સ પર્સનને તાલીમ કાર્યક્રમ દ્વારા વધુ સજ્જ બનાવવા.
- ડાયટની કામગીરીને વધુ સઘન બનાવવા યુનિવર્સીટી, શૈક્ષણિક સંસ્થાઓ, વિદ્વાન શિક્ષકો, આચાર્યો અને સ્વૈચ્છિક સંસ્થાઓના શૈક્ષણિક વ્યકિતઓ સાથે મળી સહિયારા પ્રયાસ હાથ ધરવા.
- ગણિત- વિજ્ઞાન વિષય સુધારણા માટેના કાર્યક્રમો યોજવા.
- જિલ્લા કક્ષાના વિજ્ઞાનમેળા, નેશનલ સાયન્સ સેમીનાર, અને રાજ્યકક્ષાના વિજ્ઞાન સંશોધન માટે પ્રેરવા.

- પ્રા. શિક્ષકોને ક્રિયાત્મક સંશોધન માટે પ્રેરવા.
- અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક સુધારણા માટે પ્રયાસ કરવા.
- ડી.પી.ઈ.પી. અને સર્વશિક્ષા અભિયાન જેવી સંસ્થાઓ સાથે સહયોગમાં કામ કરવું.
- શારિરીક સ્વાસ્થ્ય, યોગ અને કલા શિક્ષણને ઉત્તેજન આપી આ ક્ષેત્રોમાં નિષ્ણાંત શિક્ષકોને સજ્જ કરવા.
- વિવિધ પ્રકારના પ્રકાશનો બહાર પાડવા.

# 6. ડાયટની શાખાઓ :

ગુણવત્તા સુધારણા માટેના વિવિધ કાર્યક્રમોનું સુચારું અમલીકરણ થઇ શકે તે માટે સમગ્ર કામગીરીને સાત શાખાઓમાં વહેચવામાં આવેલ છે. જેના દ્વારા વિવિધ કામગીરીનું અમલીકરણ થાય છે.

**(1) પૂર્વ – સેવા શિક્ષણ પ્રશિક્ષણ શાખા (P.S.T.E.) (Pre-service Teacher Education) :**

આ શાખા દ્વારા ધો. 12 પાસ વિદ્યાર્થીઓને પ્રાથમિક શિક્ષક માટેની પૂર્વસેવા તાલીમ આપવામાં આવે છે. ડાયટ–ભુજ ખાતે પણ પ્રથમ અને દ્વિતીય બે વર્ષની તાલીમ આપવામાં આવે છે.

**(2) સેવાકાલીન– પ્રશિક્ષણ શાખા (I.F.I.C.) (In service training programme, Filed interaction, Innovation and Co-ordination) :**

પ્રાથમિક શિક્ષકોની વ્યવસાયિક તેમજ શૈક્ષણિક સજ્જતામાં વધારો થાય તે માટે વિવિધ સર્વેક્ષણો, ક્ષેત્રીય કાર્યના આધારે નાવીન્યપૂર્ણ કાર્યક્રમો અને તાલીમવર્ગો યોજવામાં આવે છે.

**(3) આયોજન અને વ્યવસ્થાપન શાખા (P & M) (Planning and Management) :**

વિવિધ શાખાઓ દ્વારા થતા કાર્યક્રમોનું આયોજન મેળવવું, તજજ્ઞોનો લાભ લેવો, તાલીમની જરૂરિયાત જાણવી, જિલ્લાની વિવિધ પ્રકારની માહિતી મેળવવી અને તેનું અપગ્રેડેશન કરતા રહેવું તથા માહિતી પૂરી પાડવી જેવાં કાર્યો આ શાખા દ્વારા કરવામાં આવે છે.

**(4) કાર્યાનુભવ શાખા (W. E.) ( Work Experience) :**

કાર્યાનુભવ અંગેના સેવાકાલીન કાર્યક્રમો હાથ ધરવા અને વિદ્યાર્થીઓની સર્જનાત્મકતામાં વધારો થાય તેવા કાર્યક્રમો તૈયાર કરી અલમમાં મૂકવા. તેમજ પ્રા.શિક્ષણની અસરકારકતામાં કાર્યાનુભવની ઉપયોગીતા માટેના કાર્યક્રમો યોજવા.

**(5) અભ્યાસક્રમ, સાહિત્ય નિર્માણ તથા મૂલ્યાંકન શાખા (C.M.D.E.) (Curriculum, Material development and Evaluation) :**

સેવાકાલીન શિક્ષકોને માર્ગદર્શકરૂપ એવા તાલીમી સાહિત્યનુ નિર્માણ કરવું. પ્રા.શિક્ષણમાં મૂલ્યાંકન કાર્ય અંગેનું માર્ગદર્શન પૂરૂં પાડવું અને આ માટે વિવિધ તાલીમ વર્ગોનું આયોજન કરવું તે આ શાખાનું મુખ્ય કાર્ય છે.

**(6) શૈક્ષણિક પ્રૌદ્યોગિકી શાખા (E.T.) (EducationTechnology) :**

આધુનિક શિક્ષણમાં ઓડિયો વિડીયો જેવી શૈક્ષણિક સાધન–સામગ્રી, આધુનિક ઇલેક્ટ્રોનિક શૈક્ષણિક સાધનો જેવાંકે ટી.વી., વી.સી.આર, ટેપરેકોર્ડર, કમ્પ્યુટર, સ્કેનર, સીડી, મલ્ટીમીડિયા, ઓવરહેડ પ્રોજેક્ટર, સીડી બેઇઝ સોફ્ટવેરની મદદથી શિક્ષણના એકમોને સરળ અને રસપ્રદ બનાવવા પ્રયત્નો કરવા.

**(7) જિલ્લા સંશાધન એકમ શાખા (DRU) (District Resource Units) :**

સ્વૈચ્છીક સંસ્થાઓની મદદથી અવૈધિક શિક્ષણ પ્રચાર–પ્રસાર માટે પ્રયત્નો કરવા. તેમાં એકસૂત્રતા લાવવી. નિરક્ષરતા નિવારવા અંગેના વિવિધ સંશાધનો એકઠા કરવા, નિરક્ષરોની સમસ્યાઓ જાણવી. શિક્ષણ કેન્દ્રો ખોલવા, મૂલ્યાંકન કરવું, તાલીમ આપવી, વસતિ શિક્ષણ, તારુણ્ય શિક્ષણ, બાળમેળા જેવા કાર્યક્રમો ચલાવવા.

# 7. ડાયટનો મહેકમ

| | | | |
|---|---|---|---|
| 1. | ડાયેટનું નામ | : | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન<br>મિડલ સ્કૂલ ગ્રાઉન્ડ,<br>એસ.ટી. સ્ટેન્ડ સામે, ભુજ – કચ્છ<br>ફોન: ( **02832) 252604, 221491**<br>ફેક્સ: **(02832) 221491**<br>**www.diet-kutch.org**<br>**dietbhuj@gmail.com** |
| 2. | ડાયેટ મંજૂર થયાનાં હુકમ–નંબર–તારીખ | : | શિ. વિ. નાં ઠરાવક્રમાંક<br>44 – 4 - 93, ટી. - 31 - 3 - 95 |
| 3. | ડાયેટ શરુ થયાનું વર્ષ | : | 1 - 2 - 1991 |
| 4. | મહેકમની વિગત | : | જૂન - 2020 |
| 5. | સ્ટાફ લીસ્ટ | : | લીસ્ટ સામેલ છે. |



# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ- કચ્છ

## મંજુર, ભરાયેલ અને ખાલી જગ્યાની વિગતો દર્શાવતું પત્રક (તા.30-06-2020ની સ્થિતિએ)

| ક્રમ | જગ્યાનું નામ | પગાર ધોરણ | મંજુર જગ્યાઓ | | | ભરાયેલ જગ્યાઓ | | | ખાલી જગ્યાઓ | | | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કાયમી | હંગામી | કુલ | કાયમી | હંગામી | કુલ | કાયમી | હંગામી | કુલ | |
| 1 | પ્રાચાર્ય | 67700-208700 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 1 | -- |
| 2 | સિનિયર લેકચરર | 44900-142400 | 1 | 6 | 7 | 0 | 1 | 1 | 1 | 5 | 6 | -- |
| 3 | જુનિયર લેકચરર | 39900-126600 | 8 | 8 | 16 | 0 | 8 | 8 | 8 | 0 | 8 | -- |
| 4 | વિજ્ઞાન સલાહકાર | 35400-112400 | 0 | 1 | 1 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | -- |
| 5 | ટેકનીશીયન | 29200-92300 | 1 | 0 | 1 | 0 | 0 | 0 | 1 | 0 | 1 | -- |
| 6 | લાયબ્રેરીયન | 25500-81100 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 1 | -- |
| 7 | ઓફીસ સુપ્રિન્ટેડેન્ટ (ઓડીટર ગ્રુપ – ૧) | 39900- 126600 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 1 | -- |
| 8 | મુખ્ય કારકુન (એકાઉન્ટ) | 35400-112400 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 1 | -- |
| 9 | મુખ્ય કારકુન | 35400-112400 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 1 | -- |
| 10 | સિનિયર કર્લાક ( આંકડા) | 25500-81100 | 0 | 1 | 1 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | -- |
| 11 | સિનિયર કર્લાક | 25500-81100 | 0 | 2 | 2 | 0 | 2 | 2 | 0 | 0 | 0 | -- |
| 12 | જુનિયર કર્લાક | 19900-63200 | 2 | 0 | 2 | 1 | 0 | 1 | 1 | 0 | 1 | -- |
| 13 | કોમ્પ્યુટર ઓપરેટર (ટાઈપીસ્ટ) | 19900-63200 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 1 | -- |
| 14 | રેક્ટર | 19900-63200 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 1 | -- |
| 15 | પટાવાળા | 15000-47600 | 3 | 0 | 3 | 2 | 0 | 2 | 1 | 0 | 1 | -- |
| 16 | વોચમેન | 15000-47600 | 1 | 0 | 1 | 0 | 0 | 0 | 1 | 0 | 1 | -- |
| કુલ સરવાળો | | | 16 | 25 | 40 | 3 | 13 | 16 | 13 | 12 | 25 | -- |

# 8. ડાયટનું સ્ટાફ લીસ્ટ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ-કચ્છ

માહે 30 જૂન 2020ની સ્થિતિનું શૈક્ષણિક કર્મચારીનું સ્ટાફ લીસ્ટ

| ક્રમ | અધિકારી/કર્મચારીનું નામ | હોદ્દો | પગાર ધોરણ | શાખા | લાયકાત | જન્મ તારીખ | ખાતામાં દાખલ તારીખ | હાલની સંસ્થામાં દાખલ તારીખ | જાતિ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| 1 | શ્રી એચ. ટી. ગોર | ઈ. પ્રાચાર્ય | **44900-142400** | **Science-Maths** | **M.Sc.,B.Ed., D.Pharm** | **31-12-1962** | **19-07-1983** | **11-07-1989** | **Gen.** | |
| 2 | ડૉ. દક્ષા જી. મહેતા | સિનિયર લેકચરર | **44900-142400** | **IFIC** | **M.A.,M.Ed.,Ph.D., M.Phil.** | **15-06-1974** | **18-01-2011** | **18-01-2011** | **Gen.** | |
| 3 | શ્રીમતી જે. બી. સોરઠીયા | લેકચરર | **44900-142400** | **PSTE** | **M.A., M.Ed.** | **22-02-1963** | **04-03-1997** | **04-03-1997** | **SEBC** | |
| 4 | શ્રી એસ. આર. યાદવ | લેકચરર | **39900-126600** | **PSTE** | **M.A., M.Ed., M.Phil.** | **11-06-1978** | **26-11-2010** | **26-11-2010** | **SEBC** | |
| 5 | ડૉ. આર. એચ. પરમાર | લેકચરર | **39900-126600** | **PSTE** | **M.Com.,M.Ed., M.Phil.,Ph.D.,NET, SLET** | **04-06-1980** | **19-01-2011** | **19-01-2011** | **SC** | |
| 6 | ડૉ. રીઝવાન એચ. રાજા | લેકચરર | **39900-126600** | **PSTE** | **M.P.Ed., M.Phil., Ph.D.** | **12-02-1979** | **03-08-2011** | **03-08-2011** | **SEBC** | |
| 7 | શ્રી એસ. પી. ઠાકર | લેકચરર | **44900-142400** | **DRU** | **M.A., B.Ed.** | **18-07-1965** | **21-08-1998** | **21-08-1998** | **Gen.** | |
| 8 | શ્રી એ. પી. સુથાર | લેકચરર | **39900-126600** | **WE** | **M.Sc., M.Ed., M.Phil.** | **26-05-1979** | **24-01-2011** | **24-01-2011** | **SEBC** | |
| ૯ | ડૉ. રક્ષા એચ. ઉપાધ્યાય | લેકચરર | **39900-126600** | **ET** | **M.Sc.,M.Ed.,Ph.D., M.Phil.** | **15-12-1979** | **19-01-2011** | **19-01-2011** | **Gen.** | |
| 10 | ડૉ. બી. આર. પટેલ | લેકચરર | **39900-126600** | **IFIC** | **M.Com.,M.Ed., M.Phil., Ph.D., SLET** | **20-12-1979** | **22-11-2010** | **25-10-2017** | **Gen.** | |

# 8. ડાયટનું સ્ટાફ લીસ્ટ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ-કચ્છ

માહે 30 જૂન 2020ની સ્થિતિનું બિનશૈક્ષણિક (વહીવટી) કર્મચારીનું સ્ટાફ લીસ્ટ

| ક્રમ | અધિકારી/કર્મચારીનું નામ | હોદ્દો | પગાર ધોરણ | શાખા | લાયકાત | જન્મ તારીખ | ખાતામાં દાખલ તારીખ | હાલની સંસ્થામાં દાખલ તારીખ | જાતિ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| 1 | શ્રી બી. એચ. ગોર | સિનિયર કારકુન | **25500-81100** | **Administration** | **B.A.,L.L.B.** | **23-11-1969** | **02-12-1989** | **14-02-2017** | **Gen.** | |
| 2 | શ્રી ઓ. ડી. કુંભાર | સિનિયર કારકુન | **25500-81100** | **Administration** | **SSC** | **05-07-1967** | **28-11-1988** | **29-01-2019** | **SEBC** | |
| 3 | શ્રીમતી કે. પી. પટેલ | સિનિયર કારકુન | **19950 Fix** | **Administration** | **M.Sc.,B.Ed.** | **12-01-1993** | **20-04-2018** | **20-04-2018** | **Gen.** | |
| 4 | શ્રી સલીમ ઈસ્માઈલ માંજોઠી | જુનિયર કારકુન | **35400-112400** | **Administration** | **HSC** | **27-09-1978** | **13-12-1997** | **31-12-2019** | **SEBC** | તા.31-12-2019થી બઢતી મળતાં ડાયટમાં હાજર થયેલ છે. |
| 5 | શ્રીમતી ડી.એમ. દવે | કમ્પ્યુટર ઓપરેટર | **12500 Fix** | **Administration** | **B.A.** | **20-11-1988** | **01-09-2017** | **01-09-2017** | **SEBC** | **Out Source** પર નિમણુંક છે. |
| 6 | શ્રી કે. પી. યાદવ | પટ્ટાવાળા | **15700-50000** | - | **Std.7** | **30-03-1966** | **03-05-1988** | **06-07-2002** | **Gen.** | |
| 7 | શ્રી જે. એ. સુમરા | પટ્ટાવાળા | **15700-47600** | - | **Std.9** | **08-09-1976** | **12-12-1997** | **22-03-1999** | **SEBC** | |
| 8 | શ્રી ડી. બી. ધુઆ | પટ્ટાવાળા | **15700-50000** | - | **Std.7** | **14-04-1966** | **04-02-1990** | **27-07-2010** | **Gen.** | તા.31-12-2019થી બઢતી મળતાં DEO કચેરીમાં બદલી થયેલ છે. |
| ૯ | શ્રી એચ. જે. ડુડિયા | ચોકીદાર | **12100 Fix** | - | **Std.8** | **25-01-1967** | **19-12-2010** | **19-12-2010** | **Gen.** | **Out Source** પર નિમણુંક છે. |
| 10 | શ્રી ચુનીલાલ મેઘજી ડોરું | ડ્રાઇવર | **10425 Fix** | - | **Std.8** | **12-02-1981** | **01-01-2017** | **01-01-2017** | **SC** | **Out Source** પર નિમણુંક છે. |
| 11 | શ્રી પ્રેમજીભાઈ મેઘજીભાઈ મહેશ્વરી | પટ્ટાવાળા | **12100 Fix** | - | **Std.9** | **02-05-1975** | **05-02-2020** | **05-02-2020** | **SC** | **Out Source** પર નિમણુંક છે. |

# 9. ડાયટનું અન્ય સંસ્થાઓ સાથેનું સંકલન

| | | | | |
|---|---|---|---|---|
| (ક) | આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ | | - | UNICEF |
| (ખ) | રાષ્ટ્રીયકક્ષાની સંસ્થાઓ | | | |
| | (i) | NCERT | - | ન્યુ દિલ્હી |
| | (ii) | NUEPA | - | ન્યુ દિલ્હી |
| | (iii) | NCTE | - | ન્યુ દિલ્હી |
| | (iv) | CCRT | - | ન્યુ દિલ્હી |
| (ગ) | રાજયકક્ષાની સંસ્થાઓ | | | |
| | (i) | GCERT | - | ગાંધીનગર |
| | (ii) | GIET | - | અમદાવાદ |
| | (iii) | પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી – ગાંધીનગર | | |
| | (iv) | S.S.A.M. | - | ગાંધીનગર |
| | (v) | નિરંતર શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર | | |
| | (vi) | ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર | | |
| (ઘ) | જિલ્લાકક્ષાની સંસ્થાઓ | | | |
| | (i) | જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ - ભુજ | | |
| | (ii) | સર્વ શિક્ષા અભિયાન મિશન, કચ્છ | | |
| | (iii) | નગરપાલિકા શિક્ષણ સમિતિ - અંજાર | | |
| | (iv) | એસ. ડી. શેઠિયા, કોલેજ ઓફ એજ્યુકેશન - મુન્દ્રા | | |
| | (v) | ડી.આર.ડી.એ.- ભુજ | | |
| | (vi) | પ્રી.પી.ટી.સી. કોલેજ - મુન્દ્રા | | |
| | (vii) | બુનિયાદી અધ્યાપન મંદિર - મુન્દ્રા | | |
| | (viii) | મા આશાપુરા મહિલા પી.ટી.સી. કોલેજ - ભુજ | | |
| | (ix) | જમીયતે ઉલેમાએ - હિન્દ પી.ટી.સી. કોલેજ, અંજાર | | |
| | (x) | શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનીવર્સીટી | | |
| (ચ) | તાલીમી સંસ્થાઓ | | - | I.A.S.E. ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ |

# 10. ડાયટનો લેબ એરિયા

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા પ્રાથમિક શિક્ષણમાં નામાંકન, સ્થાયીકરણ અને ગુણવત્તાસભર પ્રાથમિક શિક્ષણ મેળવે તેમજ પ્રાથમિક શિક્ષણમાં સાર્વત્રિકરણનો ધ્યેય સિદ્ધ થાય એ દરેક તાલીમનો મુખ્ય હેતુ રહેલો છે. તાલીમ ભવનમાં ડી.એલ.એડ. જે પ્રથમ લેબ એરિયા તરીકે છે. પરંતુ કચ્છના કેટલાંક ગામોમાં હજુપણ કન્યા કેળવણીનું પ્રમાણ ઓછું છે. તેવા ગામો ભુજ વિસ્તારના બન્ની વિસ્તાર, સાક્ષરતાનો દર નીચો હોય તેવા ત્રણ તાલુકા – રાપર, ભચાઉ અને લખપત તાલુકો

- વર્ષ : 2019-20ના સિદ્ધિમાપન કસોટીના પરિણામ ઉપરથી પાંચ તાલુકા રાપર, ભચાઉ, લખપત, અબડાસા અને નખત્રાણા તાલુકામાં પ્રાથમિક શિક્ષણમાં નામાંકન, સ્થાયીકરણની સાથે સાથે ગુણવત્તાસભર શિક્ષણ બાળકો મેળવે એ માટે તાલીમ ભવન દ્વારા જુદા – જુદા કાર્યક્રમો, તાલીમવર્ગો યોજી શિક્ષણની ગુણવત્તા માટે પ્રયાસ કરવામાં આવશે.

- બિનકચ્છી પ્રાથમિક શિક્ષકોને કચ્છી બોલીની તાલીમ જ્યાં વધુ કચ્છી બોલી બોલાતી હોય એવા ગામમાં શિક્ષકોને સમયાંતરે તાલીમ આપવી.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ અંતર્ગત વર્ષ દરમિયાન થતા અનેકવિધ શૈક્ષણિક તાલીમી તથા અન્ય કાર્યક્રમો મુખ્યત્વે જિલ્લાના શૈક્ષણિક સ્તર, સિદ્ધિ, જરૂરિયાત, ખાસ લક્ષ્યજુથ, ફોકસ એરિયા જેવી બાબતોને ધ્યાનમાં રાખીને આયોજિત કરવામાં આવે છે. આમ, ભવન દ્વારા વર્ષ દરમ્યાન યોજાતા કાર્યક્રમોને મુખ્યત્વે નીચેની બાબતોને ધ્યાનમાં રાખીને આયોજિત કરવામાં આવે છે.

1. જરૂરિયાત આધારિત તાલીમ કાર્યક્રમો (નીડ બેઇઝ)
2. સંશોધન આધારિત તાલીમ કાર્યક્રમો (રીસર્ચ બેઇઝ)
3. ખાસ વિસ્તાર આધારિત તાલીમ કાર્યક્રમો (એરિયા બેઇઝ)

નીડ બેઇઝ તાલીમ કાર્યક્રમોમાં જિલ્લાના દસ તાલુકાના પ્રા.શિક્ષકોની વિષયવસ્તુ સજ્જતા, સ્ક્રીપ્ટ રાઈટીંગ, શાંતવાંચન, નામાંકન, 100 ટકા સ્થાયીકરણ અને ગુણવત્તાલક્ષી શિક્ષણ માટેના કાર્યક્રમોને ધ્યાનમાં રાખી આયોજન કરવામાં આવે છે.

રીસર્ચ બેઇઝ લેબ એરિયામાં જીસીઈઆરટી, ગાંધીનગર દ્વારા ડાયટ મારફતે લેવામાં આવતી સિદ્ધિ કસોટીઓ માટે પસંદિત શાળાઓનો સમાવેશ થાય છે. દર વર્ષે ભવનના વ્યાખ્યાતાઓ દ્વારા તથા જિલ્લાની વિવિધ પ્રા.શાળાઓના શિક્ષકો દ્વારા જુદા જુદા વિષયો આધારિત સંશોધનો કરવામાં આવે છે; જેના તારણોના આધારે તેના અનુકાર્યરૂપે જે તારણો મળે તે આધારિત તાલીમ કાર્યક્રમો પણ યોજવામાં આવે છે.

એરિયા બેઇઝ લેબ એરિયામાં સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમમાં કચ્છ જિલ્લા અંતર્ગત કરવાની થતી આ પ્રકારની તમામ તાલીમોને એરિયા બેઇઝ લેબ એરિયામાં આવરી લઈને આયોજન કરવામાં આવે છે.

ચાલુ વર્ષ 2019-20 દરમિયાન જિ.શિ. અને તાલીમ ભવન, ભુજ દ્વારા જિલ્લાના સરહદી તાલુકા એવા લખપત તાલુકાને લેબ એરિયા (પ્રિય તાલુકા) તરીકે પસંદ કરી ભવનના મોટા ભાગના ગુણવત્તાલક્ષી અને સુધારલક્ષી તાલીમ કાર્યક્રમો - પ્રવૃત્તિઓ આ તાલુકામાં ગોઠવવાનું આયોજન કરવામાં આવેલ છે. સાથે સાથે ડાયટ ભુજ શહેરના વિસ્તારમાં આવેલ છે. જેથી, ભુજના શહેરી વિસ્તારમાં ડાયટ દ્વારા પોતાના કેટલાંક તાલીમ કાર્યક્રમો લેબ એરિયાને ધ્યાનમાં રાખી મુકવામાં આવેલ છે.

# 11. ડાયટમાં વિવિધ સ્કીમ અંતર્ગત થયેલ કાર્યક્રમો

## ડાયટમાં થયેલ શૈક્ષણિક સંશોધનો

| ક્રમ | સંશોધકનું નામ | સંશોધાકનું શીર્ષક | હેતુઓ | સંશોધનનું લક્ષ્ય જૂથ | અપેક્ષિત ફલશ્રુતિ |
|---|---|---|---|---|---|
| 1 | શ્રી સંજય પી. ઠાકર<br>DRU શાખા | કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓના ધો. 3 થી 8ના વિદ્યાર્થીઓની મુખવાચન ઝડપ અને અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનું માપન | -વિદ્યાર્થીઓની મુખવાચનની ઝડપ તથા અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનો અભ્યાસ કરવો.<br>- વિદ્યાર્થીઓના આગળના ધોરણ પરીક્ષાના ગ્રેડના સંદર્ભમાં મુખવાચન ઝડપ અને અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનો અભ્યાસ કરવો. | ધો. 3 થી 8માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ | -વિદ્યાર્થીઓની અર્થગ્રહણ સાથેની વાચન ઝડપ ઓછી જોવા મળે છે. તે માટેની શૈ.વ્યૂહરચનાની તાલીમોનું આયોજન અને અમલીકરણ ડાયટ અને SSA દ્વારા થવું જોઈએ.<br>- ડાયટ દ્વારા અપાયેલ ભાષા વિષયક તાલીમોનું શિક્ષક દ્વારા શાળાના વર્ગખંડમાં અમલીકરણ થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ. |
| 2 | ડૉ. બિન્દુ આર. પટેલ<br>IFIC શાખા<br>શ્રીમતી જ્યોતિબેન સોરઠીયા<br>PSTE શાખા | કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓના ધો–8ના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની મુખવાંચન ઝડપ અને અર્થગ્રહણ સહિતની વાંચન ઝડપનું માપન | -ધો.-8ના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની મુખવાંચન ઝડપ તથા અર્થગ્રહણ સહીત વાચન ઝડપનો અભ્યાસ કરવો.<br>- ધો.-8ના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની જાતીયતા પરીક્ષાના ગ્રેડ અને વાચક શ્રેણી આધારિત મુખવાંચન ઝડપ અને અર્થગ્રહણયુક્ત વાચન ઝડપનો અભ્યાસ કરવો તેમજ તેમની વચ્ચેનો સંબંધ જાણવો. | કચ્છ જિલ્લાની પ્રા.શાળાના ધો.-8ના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ | - તમામ પ્રકારના વિદ્યાર્થીઓની મુખવાંચન ઝડપ અને અર્થગ્રહણ પ્રશ્ન વાંચન ઝડપ માટે ઉપકરણ પ્રાપ્ય બનશે.<br>- વાચન ઝડપ પ્રાપ્ત થવાથી તેના સુધાર અને ઝડપમાં વધારો કરવા માટે શિક્ષકોની કાર્યસૂઝમાં વધરો થઇ શકશે. |
| 3 | ડૉ. બિન્દુ આર. પટેલ<br>IFIC શાખા | કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની મુખવાંચન ઝડપ અને વાચન અર્થગ્રહણ સહિતની વાંચન ઝડપનું માપન | -ધો. 3 થી 8ના વિદ્યાર્થીઓની મુખવાચન ઝડપનો અભ્યાસ કરવો.<br>-ધોરણ 3 થી 8ના વિદ્યાર્થીઓની જાતીયતા અને પરીક્ષાના ગ્રેડ સંદર્ભે બંને પ્રકારની વાંચન ઝડપનો અભ્યાસ કરવો. | ધોરણ 3 થી 8ના અબડાસા અને ભુજ તાલુકાના વિદ્યાર્થીઓ | મુખવાંચન ઝડપ અને અર્થગ્રહણયુક્ત વાંચન ઝડપ સંદર્ભે માર્ગદર્શિકા આધારિત શિક્ષણ કાર્ય દરમિયાન વિદ્યાર્થીઓમાં વાંચન પરત્વેની સમજ વિકસાવી શકાશે. |
| 4 | ડૉ. રક્ષા એચ. ઉપાધ્યાય<br>ET શાખા | કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓની મુખવાંચન અર્થગ્રહણ સહિતની ઝડપનું માપન | કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની મુખવાંચન ઝડપ અને વાચન અર્થગ્રહણ સહિતની ઝડપનું માપન કરવું. | અબડાસા અને ભુજ તાલુકાની એક એક શાખાના ધો. 3 થી 8ના વિદ્યાર્થીઓ | કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે અર્થગ્રહણ સહિતની વાંચન ઝડપ અંગેની માહિતી પ્રાપ્ત થઇ. |

| ક્રમ | સંશોધકનું નામ | સંશોધાકનું શીર્ષક | હેતુઓ | સંશોધનનું લક્ષ્ય જૂથ | અપેક્ષિત ફલશ્રુતિ |
|---|---|---|---|---|---|
| 5 | ડૉ. રક્ષા એચ. ઉપાધ્યાય<br>ET શાખા<br>ડૉ. રંજન એચ. પરમાર<br>PSTE શાખા | કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓના ધોરણ:7ના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની મુખવાચન ઝડપ વાચન અર્થગ્રહણ સહિતની ઝડપનું માપન | કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓના ધોરણ-7ના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની મુખવાચન ઝડપ અને અર્થગ્રહણ સહિતનું ઝડપનું માપન કરવું. | ધોરણ-7ના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ | કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓના અન્ય ધોરણના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની મુખવાચન ઝડપ અને વાચન અર્થગ્રહણ સહિતની ઝડપનું અંગેની માહિતી પ્રાપ્ત થઇ. |
| 6 | ડૉ. રક્ષાએચ. ઉપાધ્યાય<br>ET શાખા<br>ડૉ. રંજન એચ. પરમાર<br>PSTE શાખા | કચ્છ જિલ્લાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના ગણિત-વિજ્ઞાન વિષયના શિક્ષકો દ્વારા એનર્જાઈઝડ ટેક્સ્ટ બુક્સ (ETB)નો અધ્યયન-અધ્યાપન કાર્ય દરમિયાન ઉપયોગ અંગેનો અભ્યાસ | કચ્છ જિલ્લાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના ગણિત-વિજ્ઞાન વિષયના શિક્ષકો દ્વારા એનર્જાઈઝડ ટેક્સ્ટ બુક્સ (ETB)નો અધ્યયન-અધ્યાપન કાર્ય દરમિયાન ઉપયોગ અંગેનો અભ્યાસ કરવો. | પ્રાથમિક શાળાના વિજ્ઞાન ગણિતના શિક્ષકો | કચ્છ જિલ્લાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના અન્ય વિષયોનાશિક્ષકો દ્વારા એનર્જાઇઝડ ટેક્સ્ટ બુક્સ (ETB)નો અધ્યયન- અધ્યાપનકાર્ય દરમિયાન ઉપયોગ અંગેની માહિતી પ્રાપ્ત થઇ. |
| 7 | શ્રીમતી જ્યોતિબેન બી. સોરઠીયા<br>PSTE શાખા | કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની મુખવાચન ઝડપ અને અર્થગ્રહણ સહીત વાચન ઝડપનું માપન | -વિદ્યાર્થીઓની મુખવાચનની ઝડપ તથા અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનો અભ્યાસ કરવો.<br>-ધોરણ 3 થી 8ના વિદ્યાર્થીઓની વાચક શ્રેણીનો અભ્યાસ કરવો. | ધો. 3 થી 5 અને ધો. 6 થી 8ના વિદ્યાર્થીઓ | -નિમ્ન પ્રાથમિક કક્ષાના તમામ ધોરણોમાં કુમારો અને કન્યાઓની વાચન ઝડપ સમાન જોવા મળી હતી.<br>- ઉચ્ચ પ્રાથમિક કક્ષાના તમામ ધોરણોમાં કુમારો અને કન્યોઓની અર્થગ્રહણ સહિતની વાચન ઝડપ સમાન જોવા મળી હતી. |
| 8 | શ્રી સુનીલ આર. યાદવ<br>PSTE શાખા | કચ્છ જિલ્લાની ભારાવાંઢ પ્રાથમિક શાળા અને લખમસરી પ્રાથમિક શાળામાં ધો. 3 થી 8ના વિદ્યાર્થીઓની મુખવાચન ઝડપ અને અર્થગ્રહણયુક્ત વાચન ઝડપનો અભ્યાસ | -પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની મુખ વાચન ઝડપ અને અર્થગ્રહણ સહિતની વાચન ઝડપના માપન માટેના ઉપકરણની અસરકારકતા ચકાસવી<br>- વિદ્યાર્થીઓની મુખવાચનની ઝડપ તથા અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનો અભ્યાસ કરવો. | ધોરણ 3 થી 8ના વિદ્યાર્થીઓ | -લખમસરી પ્રાથમિક શાળા- ભચાઉમાં ધોરણ 6 થી 8માં મુખવાચન ઝડપમાં ધોરણ-7ના વિદ્યાર્થીઓ સૌથી વધુ સરાસરી ધરાવતા હતાં. જયારે અર્થગ્રહણયુક્તવાચન ઝડપમાં ધોરણ-8ના વિદ્યાર્થીઓ સૌથી વધુ સરાસરી ધરાવતા હતા.<br>-શ્રી ભારાવાંઢ પ્રાથમિક શાળા અબડાસામાં ધોરણ-3 થી 5માં મુખવાચન ઝડપમાં સરાસરી સૌથી વધુ ધોરણ-4ના વિદ્યાર્થીઓ અને અર્થગ્રહણયુક્ત વાચન ઝડપમાં ધોરણ-5ના વિદ્યાર્થીઓ સૌથી વધુ સરાસરી ધરાવતા હતા. |

| ક્રમ | સંશોધકનું નામ | સંશોધાકનું શીર્ષક | હેતુઓ | સંશોધનનું લક્ષ્ય જૂથ | અપેક્ષિત ફલશ્રુતિ |
|---|---|---|---|---|---|
| 9 | ડૉ.રીઝવાન એચ. રાજા<br>PSTE શાખા | કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની મુખવાંચન ઝડપ અને વાચન અર્થગ્રહણ સહીત ઝડપનું માપન | -પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની મુખવાચન ઝડપ અને અર્થગ્રહણ સહિતની વાચન ઝડપના માપન માટેના ઉપકરણોની અસરકારકતા ચકાસવી.<br>-વિદ્યાર્થીઓની મુખવાચન ઝડપ તથા અર્થગ્રહણ સહિતની વાંચન ઝડપનો અભ્યાસ કરવો. | -ધોરણ 3 થી5ના વિદ્યાર્થીઓ<br>- ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓ | -સૌથી વધુ વાચન ઝડપ 8 શબ્દ પ્રતિ મિનીટ ધોરણ 8ના વિદ્યાર્થીની જોવા મળી હતી. જયારે સૌથી ઓછી 2.2 શબ્દ પ્રતિ મિનીટ ધોરણ 3ના વિદ્યાર્થીની સરેરાશ મુખવાચન ઝડપ 3 થી 5 ધોરણના વિદ્યાર્થીઓ ધરાવતા હતા જે 34.16 શબ્દ પ્રતિ મિનીટ જોવા મળી હતી. જયારે ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીની મુખ્ય વાચન ઝડપની સરાસરી 7.7 પ્રતિ મિનીટ જોવા મળી હતી.<br>- જે વિદ્યાર્થીઓ આગળના ધોરણમાં ગ્રેડ વધુ હશે તેમ તેની મુખવાચન ઝડપ પણ વધુ હશે. પરંતુ વિદ્યાર્થીઓ આગળના ધોરણમાં મેળવેલ ગ્રેડના આધારે વિદ્યાર્થીની અર્થગ્રહણ નહિ સાથેની વાચન ઝડપ વિશે અનુમાન કરી શકાય. |
| 10 | ડૉ. રંજન એચ. પરમાર<br>PSTE શાખા | કચ્છ જિલ્લાની પ્રા. શાળાઓના ધોરણ 3 થી 8ના વિદ્યાર્થીઓની મુખવાચન ઝડપ અને અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનું માપન | -વિદ્યાર્થીઓની જાતીવાતાના આધારે મુખવાચનની ઝડપ તથા અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનો અભ્યાસ કરવો.<br>-વિદ્યાર્થીઓના આગળના ધોરણની પરીક્ષાના ગ્રેડના સંદર્ભમાં મુખવાચન ઝડપ અને અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનો અભ્યાસ કરવો. | ધોરણ 3 થી 8માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ | -સૌથી વધુ વાચન ઝડપ ધો.-8ના વિદ્યાર્થીની જોવા મળી હતી.<br>- ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીની મુખવાંચન ઝડપની સરાસરી 86 શબ્દ પ્રતિ મિનીટ જોવા મળી હતી.<br>-કુમાર વિદ્યાર્થીની વાચન ઝડપ વધુ જોવા મળી હતી. |
| 11 | ડૉ. દક્ષાજી. મહેતા<br>CMDE શાખા | કચ્છ જિલ્લાની પ્રા.શાળાઓના ધોરણ 3 થી 8ના વિદ્યાર્થીઓની મુખવાચન ઝડપ અને અર્થગ્રહણ સહિતની વાચન ઝડપનું માપન | -વિદ્યાર્થીઓની મુખ વાચન ઝડપ તથા અર્થગ્રહણસહિતની વાચન ઝડપનો<br>-આગલા ધોરણની પરિક્ષાના ગ્રેડના સંદર્ભમાં વાચકશ્રેણીના જુદા જુદા સ્તરના સંદર્ભમાં અભ્યાસ કરવો.<br>- વાંચનઝડપ તથા અર્થગ્રહણ સહિતની વાચન ઝડપ વચ્ચેનો સહ્સંબંધ જાણવો. | ધો. 3 થી 5 અને 6 થી 8ના વિદ્યાર્થીઓ | -ડાયટ દ્વારા ભાષાકીય તાલીમોનું આયોજન કરવું.<br>-ભાષા વિષયક તાલીમોનો શિક્ષક વર્ગખંડમાં ઉપયોગ કરે.<br>-વાંચન ઝડપ સંદર્ભે માર્ગદર્શિકા વિકસાવી શિક્ષકો સુધી પહોંચાડવી.<br>-વાચન ન કરી શકતા વિદ્યાર્થીઓ માટે વધારાના તાસનું આયોજન .<br>- શાળા પુસ્તકાલયનો ઉપયોગ વધારવો.<br>- વાંચનની મુશ્કેલીઓનુ નિદાન અને ઉપચારાત્મક કાર્યનુ આયોજન |

| ક્રમ | સંશોધકનું નામ | સંશોધાકનું શીર્ષક | હેતુઓ | સંશોધનનું લક્ષ્ય જૂથ | અપેક્ષિત ફલશ્રુતિ |
|---|---|---|---|---|---|
| 12 | ડૉ. દક્ષા જી. મહેતા<br>CMDE શાખા | કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પ્રજ્ઞા અભિગમના અમલીકરણની સ્થિતિનો અભ્યાસ | - પ્રા.શાળાઓમાં પ્રજ્ઞા અભિગમના અમલીકરણની સ્થિતિનો અભ્યાસ કરવો.<br>- વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો. | ધો.-1 અને 2ના વિદ્યાર્થીઓ અને શિક્ષકો. | આદર્શ ટુકડી વિભાજન અને નિયત સમય પત્રક અનુસાર પ્રજ્ઞા વર્ગનું સુચારુ આયોજન થવું જોઈએ.<br>-સહપાઠી જૂથ અને સ્વ અધ્યયન જૂથના વિદ્યાર્થીઓ આપમેળે કામ કરે એ માટે માર્ગદર્શન આપતા રહેવું. |
| 13 | ડૉ. દક્ષા જી. મહેતા<br>CMDE શાખા | કચ્છ જિલ્લના ધો. 4, 6, અને 7ના વિદ્યાર્થીઓની શૈ.સિદ્ધિનો અભ્યાસ (GAS-2) | જિલ્લા કક્ષાએ GAS-2નું સમગ્ર પરિણામ જાણવું.<br>-જિલ્લા અને તાલુકા કક્ષાએ વિદ્યાર્થીઓની ધોરણવાર અને વિષયવાર અધ્યયન નિષ્પત્તિઓ જાણવી. | ધો.-4, 6 અને 7ના વિદ્યાર્થીઓ | GAS-2માં જોવા મળેલ કઠીન અધ્યયન નિષ્પત્તિઓને આધારે આગામી તાલીમોનું આયોજન કરવું.<br>-કઠીન વિષયોને સરળ બનાવવા જરૂરી સાધન સામગ્રીનું નિર્માણ કરવું. |

# ડાયટમાં In- Service સ્કીમ અંતર્ગત થયેલ કાર્યક્રમો

## પ્રજ્ઞા અભિગમ સેવાકાલીન

જિ. શિ. અને તા. ભવન ભુજની IFIC શાખા દ્વારા તા.30-05-2019 થી તા.31-05-2019 દિન-2 દરમિયાન કચ્છ જિલ્લાના તમામ તાલુકાના BRC, CRC અને BRP પ્રજ્ઞાની પ્રજ્ઞા અભિગમ અન્વયે તાલીમનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ 170 તાલીમાર્થી ઉપસ્થિત રહેલ. આ તાલીમમાં પ્રજ્ઞા અભિગમ અન્વયે નવા મોડેલની ચર્ચા, મેથડોલોજી તેમજ વિવિધ પ્રવૃત્તિઓ આધારિત તાલીમ આપવામાં આવેલ હતી.

## શાળા તત્પરતા તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભુજની IFIC શાખા દ્વારા તા.11-06-2019ના દિને તાલુકા કક્ષાએ 52 તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ 1776 તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ તાલીમમાં GCERT ગાંધીનગર દ્વારા તૈયાર થયેલ મોડ્યુલ આધારિત શાળા તત્પરતાના વિવિધ પાસાઓને આવરી લેવામાં આવ્યા હતા.

## વસતિ – તારુણ્ય શિક્ષણ તાલીમ

ઉચ્ચત્તર પ્રાથમિક શાળામાં ધો. 6 થી 8માં કામ કરતા શિક્ષકો માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભુજ ખાતે તા.01-07-2019 થી તા.03-07-2019 દરમિયાન તાલીમ યોજવામાં આવી હતી. તાલીમમાં વસતિ સભાનતા, વસતિ સ્થિતિ, તારુણ્ય શિક્ષણ, એચઆઈવી એઇડ્સ અને વ્યસનમુક્તિ જેવા મુદ્દાઓને સાંકળી લઇ ચર્ચા, કથન, નિદર્શન, જુથકાર્ય અને નાટ્યીકરણ પદ્ધતિ દ્વારા વિષયવસ્તુને ન્યાય અપાયો હતો. વસતિ-તારુણ્ય શિક્ષણને લગતી વિડીયો ક્લીપ્સ દર્શાવવામાં આવી હતી અને તે સંદર્ભેનું વિશેષ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. વર્ગસંચાલક તરીકે ડીઆરયુ શાખાના વ્યાખ્યાતા શ્રી સંજય પી. ઠાકરે કામગીરી સંભાળી હતી. તાલીમમાં ઉપસ્થિત તાલીમાર્થીઓની સંખ્યા 58 રહી હતી.

## સાંસ્કૃતિક ધરોહર અને તેની જાળવણીની તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ ખાતે તા.30-07-2019 અને તા.31-07-2019 દરમિયાન સાંસ્કૃતિક ધરોહર અને તેની જાળવણીની તાલીમનો દ્વિદિવસીય એક વર્ગ યોજવામાં આવ્યો હતો. આ તાલીમમાં 39 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમમાં સંસ્કૃતિની સંકલ્પના, સંસ્કૃતિની લઘુકથા, સાંસ્કૃતિક ધરોહર (સાંસ્કૃતિક વારસો), સાંસ્કૃતિક ધરોહરની મુલાકાત, સાંસ્કૃતિક ધરોહર પર આધારિત વિડીયો ક્લીપ્સ, સાંસ્કૃતિક, ધરોહરની જાળવણી પર આધારિત પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન અને સાંસ્કૃતિક ધરોહરની જાળવણી કઈ રીતે કરવી? વગેરે જેવી બાબતો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ સમગ્ર આયોજન ડાયટ- ભુજની WE શાખા દ્વારા કરવામાં આવ્યું હતું.

## બ્લોગ નિર્માણ વર્કશોપ

ET શાખા અંતર્ગત તારીખ: 3 - 4 સપ્ટેમ્બર 2019, દિન: 02 માટે બ્લોગ નિર્માણ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. બ્લોગ નિર્માણ વર્કશોપનો હેતુ પ્રાથમિક શાળાના મુખ્યશિક્ષક પોતાની શાળાના બ્લોગ તૈયાર કરવા અંગેનું માર્ગદર્શન મેળવે અને પ્રાથમિક શાળાના મુખ્યશિક્ષક પોતાની શાળાના બ્લોગ તૈયાર કરે એવો હતો. આ વર્કશોપમાં 40 શિક્ષક મિત્રોએ હાજરી આપી હતી. આ તાલીમ વર્ગનો ખર્ચ સેવાકાલીન ગ્રાન્ટમાંથી કરવામાં આવ્યો હતો.

## ડીજીલોકર વર્કશોપ

ET શાખા અંતર્ગત તારીખ: 05 સપ્ટેમ્બર 2019 દિન: 01 માટે ડીજીલોકર વર્કશોપ યોજવામાં આવ્યો હતો. ડીજીલોકર વર્કશોપનો હેતુ પ્રાથમિક શાળાના શિક્ષકો સાથે ડીજીલોકર સંબંધિત હેતુઓની ચર્ચા કરવી અને ડીજીલોકર સંબંધિત પ્રક્રિયાઓનું નિદર્શન કરાવવું એ હતો. આ વર્કશોપમાં 29 શિક્ષક મિત્રોએ હાજરી આપી હતી. આ વર્કશોપનો ખર્ચ સેવાકાલીન ગ્રાન્ટમાંથી કરવામાં આવ્યો હતો.

## શૈક્ષણિક નેતૃત્વની તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ ખાતે તા.13-09-2019 થી તા.14-09-2019 દરમિયાન કચ્છ જિલ્લાના તમામ તાલુકાની પસંદગીની પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકો માટે શૈક્ષણિક નેતૃત્વની દ્વિદિવસીય તાલીમનો એક વર્ગ યોજવામાં આવ્યો હતો. આ તાલીમમાં નેતૃત્વની સંકલ્પના, નેતૃત્વના પ્રકાર, નેતૃત્વના લક્ષણો, શૈક્ષણિક નેતૃત્વની સંકલ્પના, અસરકારક શૈક્ષણિક નેતૃત્વના લક્ષણો અને આદર્શ નેતાના ગુણો વગેરે જેવા મુદ્દાઓની છણાવટ કરવામાં આવી હતી. આ તાલીમમાં પ્રશ્નોતરી, જૂથચર્ચા, વ્યાખ્યાન અને નિદર્શન વગેરે જેવી પદ્ધતિઓનો અસરકારક ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ તાલીમ વર્ગનું આયોજન ડાયટ ભુજની પી.એન્ડ.એમ. શાખા દ્વારા કરવામાં આવ્યું હતું.

## નવનિયુક્ત વિદ્યાસહાયક તાલીમ

જિ. શિ. અને તા. ભવન ભુજ દ્વારા ભુજ તાલુકાના નવનિયુક્ત વિદ્યાસહાયક તાલીમ તા.23-09-2019 થી તા.27-09-2019 દિન: 05 દરમિયાન તાલુકા કક્ષાએ કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં ભુજ તાલુકાના કુલ 221 વિદ્યાસહાયકો ઉપસ્થિત રહ્યા હતાં. વિદ્યાસહાયકોને શિક્ષણ સંદર્ભે ઉપયોગી થાય તેવા નૂતન પ્રવાહો તેમજ શૈક્ષણિક સંસ્થાઓની માહિતી આપવામાં આવેલ હતી.

## નિષ્ઠા KRPs- SRPs સંકલન બેઠક

GCERT ગાંધીનગરના પત્ર આદેશ અન્વયે નિષ્ઠા તાલીમના સચારું આયોજન સંદર્ભે જિલ્લાના $KRP_s$/$SRP_s$ની સંકલન બેઠક તા.02-01-2020ના દિને કરવામાં આવેલ જેમાં 39 $KRP_s$- $SRP_s$ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ તા.17-02-2020ના દિને કુલ 49 $KRP_s$- $SRP_s$ સંકલન બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં તેમના વિષય અને તાલીમ મોડ્યુલના મુદ્દાઓ સંદર્ભે તાલુકા કક્ષાએ તેમની ગોઠવણી અને સુચારુ તાલીમ આયોજન કરવામાં આવેલ હતું.

## ધો.-6 સા. વિજ્ઞાન દ્વિતીય સત્ર MTs અને શિક્ષક તાલીમ

જિ. શિ. અને તા. ભવન, ભુજ દ્વારા જિલ્લા કક્ષાએ તા.30-01-2020 થી તા.31-01-2020 દરમિયાન ધો- 6 સામાજિક વિજ્ઞાન દ્વિતીય સત્રના NCERTના નવા અભ્યાસક્રમના અભિગમ આધારિત MTS તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. આ તાલીમમાં કુલ 94 માસ્ટર ટ્રેનર્સ ઉપસ્થિત રહ્યા હતાં. તા.17-02-2020 થી તા.18-02-2020 દરમિયાન તાલુકા કક્ષાએ ધો-6 સા.વિ.ના શિક્ષકોને તાલીમ આપવામાં આવેલ હતી. જેમાં તાલુકા કક્ષાએ કુલ 1260 શિક્ષકોએ ઉપસ્થિત રહી તાલીમ લીધી હતી.

# EDN – 12 સ્કીમ અંતર્ગત થયેલ કાર્યક્રમો

## ગુણોત્સવ 2.0 એક્રીડિટેશન સહયોગી પરીક્ષા

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભુજની IFIC શાખા દ્વારા તા.20-05-2019ના રોજ કચ્છ જિલ્લાના તમામ તાલુકામાંથી ઉત્સાહી ઉમેદવારોની ગુણોત્સવ 2.0 એક્રીડિટેશન સહયોગી પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કુલ 21 તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## સંકલન બેઠક

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભુજની IFIC શાખા દ્વારા દર વર્ષે BRCCs, CRCCs, TPEO, DPEO, DEOની સાથે તાલીમ કાર્યક્રમના વાર્ષિક આયોજનમાં માર્ગદર્શન હેતુ સંકલન બેઠકનું આયોજન તા.28-05-2019ના રોજ કરવામાં આવેલ હતું. જેમાં કુલ 23 સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની વિવિધ સ્કીમ અંતર્ગત થતા કાર્યોની ચર્ચા કરવામાં આવેલ હતી.

## ઇકોક્લબ શાળાકીય પ્રવૃત્તિ તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની કાર્યાનુભવ (WE) શાખા દ્વારા ડાયટ- ભુજ ખાતે કચ્છ જિલ્લાના તમામમાંથી પસંદગીની પ્રાથમિક શાળાઓના શિક્ષકો માટે તા.12-09-2019 થી તા.13-09-2019 દરમિયાન ઇકો ક્લબ પ્રવૃત્તિ તાલીમ અંતર્ગત દ્વિદિવસીય તાલીમનો એક વર્ગ યોજવામાં આવ્યો હતો. આ તાલીમમાં 46 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતાં. આ તાલીમમાં ઇકોક્લબ એટલે શું? ઇકોકલબ પ્રવૃત્તિઓ, શાળા કક્ષાએ ઇકોક્લબ પ્રવૃતિઓનું આયોજન અને ઇકોક્લ્બ પ્રવૃતિમાં અન્ય સંસ્થાઓનો સહયોગ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ તાલીમમાં માનવજ્યોત ટ્રસ્ટના પ્રમુખ શ્રી પ્રબોધભાઈ મુનવરે સહભાગી બની સૌને માર્ગદર્શિત કર્યા હતાં અને શાળા કક્ષાએ ઇકોક્લબ પ્રવૃતિને વેગવંતી બનાવવા જરૂરી સહયોગ આપવા તત્પરતા દર્શાવી હતી.

## વિજ્ઞાન પ્રદર્શન અંતર્ગત કૃતિ નિર્માણ વર્કશોપ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજના ગણિત, વિજ્ઞાન એકમ દ્વારા ડાયટ – ભુજ ખાતે કચ્છ જિલ્લાના તમામ તાલુકામાંથી પસંદગીની શાળાઓના ગણિત- વિજ્ઞાનના શિક્ષકો માટે તા.26-09-2019 થી તા.27-09-2019 દરમિયાન વિજ્ઞાન પ્રદર્શન અંતર્ગત કૃતિ નિર્માણ વર્કશોપમાં 50 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ

વર્કશોપમાં વિજ્ઞાન પ્રદર્શન શિક્ષકો નવીન કૃતિ (મોડેલ)નું નિર્માણ કરે તે માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

## રાજ્ય વિજ્ઞાન પ્રદર્શન કૃતિ નિર્માણ વર્કશોપ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજના ગણિત વિજ્ઞાન એકમ દ્વારા ડાયટ ભુજ ખાતે કચ્છ જિલ્લાના જિલ્લા કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનમાંથી રાજ્ય વિજ્ઞાન પ્રદર્શન માટે પસંદગી પામેલ કૃતિના વિદ્યાર્થીઓ અને તેના માર્ગદર્શક શિક્ષકો માટે તા.23-10-2019ના દિને રાજ્ય વિજ્ઞાન પ્રદર્શન કૃતિ નિર્માણ તાલીમનો એક દિવસીય એક વર્ગ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં 13 તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સત્રાંત પરીક્ષા પ્રશ્નપત્ર સંરચના વર્કશોપ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની CMDE શાખા દ્વારા તા.24-09-2019 થી તા.26-09-2019 દરમિયાન પ્રથમ સત્રાંત પ્રશ્નપત્ર સંરચના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં કચ્છ જિલ્લાના ચુનંદા 45 શિક્ષકો દ્વારા કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓ માટે ધોરણ 3 થી 8 ના વિવિધ વિષયોના પ્રશ્નપત્રોનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

## રીસર્ચ ફાઇન્ડિગ શેરીંગ વર્કશોપ

શાખા અંતર્ગત તા.23-01-2020ના દિને રીસર્ચ ફાઇન્ડિગ શેરીગ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. રીસર્ચ ફાઇન્ડિગ શેરીગ વર્કશોપનો હેતુ સંશોધન સંબંધિત શેરીંગ કરવું તેમજ રીસર્ચ આધારિત કરેલ કામગીરીનું ડોક્યુમેન્ટેશન તૈયાર કરવું એવો હતો. આ વર્કશોપમાં 17 શિક્ષક મિત્રોએ હાજરી આપી હતી. આ તાલીમવર્ગનો ખર્ચ EDN-12ની ગ્રાન્ટમાંથી કરવામાં આવ્યો હતો.

## ઇકોક્લબ ડોક્યુમેન્ટેશન વર્કશોપ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજની WE શાખા દ્વારા તા.29-01-2020 થી તા.30-01-2020 દરમિયાન ઇકોક્લબ ડોક્યુમેન્ટેશન વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં 46 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતાં. આ વર્કશોપમાં કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં થયેલ ઇકોક્લબ પ્રવૃતિઓના આધરે જિલ્લા કક્ષાના ઇકોક્લબ ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવ્યું હતું.

## ETB વર્કશોપ

ET શાખા અંતર્ગત તારીખ: 20 ફેબ્રુઆરી 2020ના રોજ દિન: 01 માટે કચ્છ જિલ્લાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના ગણિત-વિજ્ઞાન વિષયના શિક્ષકો દ્વારા એનર્જાઈઝડ ટેક્સ્ટ બુક્સ (ETB)નો અધ્યયન-અધ્યાપનકાર્ય દરમિયાન ઉપયોગ અંગેના અભ્યાસ સંદર્ભે ચાર વર્કશોપ યોજવામાં આવ્યા હતા. એનર્જાઈઝડ ટેક્સ્ટ બુક્સ (ETB)નો અધ્યયન-અધ્યાપનકાર્ય દરમિયાન ઉપયોગ સંદર્ભે તાલીમનો હેતુ એનર્જાઈઝ્ડ ટેક્સ્ટ બુક્સ (ETB) સંબંધિત દીક્ષા પોર્ટલની સમજ અને નિદર્શન કરવું એવો હતો. આ વર્કશોપમાં 190 શિક્ષકોએ હાજરી આપી હતી.

## પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની સંશોધન કાર્ય શાળા

ET શાખા અંર્તગત તારીખ : 12 માર્ચ 2020 દિન: 01 માટે કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓના ધો.-7ના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની મુખવાંચન ઝડપ અને વાંચન અર્થગ્રહણ સહીતની ઝડપનું માપન અંગેનો અભ્યાસ સંદર્ભે વર્ગ યોજવામાં આવ્યો હતો. ધોરણ:7ના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની મુખવાચન ઝડપ અને વાંચન અર્થગ્રહણ સહીતની ઝડપનું માપન સંદર્ભે વર્ગનો હેતુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની મુખવાચન ઝડપ અને વાચન અર્થગ્રહણ સહિતની ઝડપનું માપન કરવું એવો હતો. આ વર્કશોપમાં શિક્ષકો અને અને વિદ્યાર્થીઓ મળીને કુલ 76 મિત્રોએ હાજરી આપી હતી.

## પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની સંશોધન કાર્યશાળા

IFIC શાખા અંતર્ગત તા.12-03-2020ના દિને કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓના ધોરણ-8ના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની મુખવાંચન ઝડપ અને વાંચન અર્થગ્રહણ સહિતની ઝડપનું માપન અંગેનો અભ્યાસ સંદર્ભે વર્ગ યોજવામાં આવ્યો હતો. ધોરણ-8ના પ્રતીભાશાળી વિદ્યાર્થીઓની મુખવાંચન ઝડપ અને વાંચન અર્થગ્રહણ સહિતની ઝડપ માપન સંદર્ભે વર્ગનો હેતુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની મુખવાંચન ઝડપ અને વાંચન અર્થગ્રહણ સહિતની ઝડપનું માપન કરવાનો હતો. આ વર્કશોપમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ મળીને કુલ 39 મિત્રોએ હાજરી આપી હતી.

# EDN-16L સ્કીમ અંતર્ગત થયેલ કાર્યક્રમો

## ધોરણ- 2 બાહ્ય મૂલ્યાંકન

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજની CMDE શાખા દ્વારા તા.26-04-2019 થી તા.27-04-2019 અને તા.29-04-2019 થી તા.30-04-2019 તથા તા.01-05-2019 થી તા.02-05-2019 દરમિયાન કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-2ના વિદ્યાર્થીઓનું બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં BRP, સી.આર.સી.કો-ઓર્ડીનેટર, બી.આર.સી. કો-ઓર્ડિનેટર અને ડાયટ વ્યાખ્યાતા મળીને કુલ 689 તાલીમાર્થીઓ સહભાગી બન્યા હતા.

## ધોરણ-10 NAS કસોટી પત્રો એરર એનાલીસીસ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજની CMDE શાખા દ્વારા તા.03-06-2019 થી તા.04-06-2019 દરમિયાન જીસીઈઆઈટી-ગાંધીનગર ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં 34 લાભાર્થીઓએ ભાગ લીધો હતો . જેમાં ધોરણ-10 NAS કસોટીપત્રો અન્વયે ગણિત તથા વિજ્ઞાન અને ટેકનોલોજીના કસોટી પત્રોનું એરર એનાલિસીસ કરવામાં આવ્યું હતું.

## શાળા તત્પરતા  તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજની IFIC શાખા દ્વારા તા.07-06-2019 ના દિને શાળા તત્પરતા **MTs** તાલીમનું આયોજન કરવામાં આવેલ જેમાં 91 **MTs** ઉપસ્થિત રહેલ જેમને તત્પરતાના સમગ્ર પાસાઓને આવરી લેતી તાલીમ આપવામાં આવી હતી. આ સમગ્ર વર્ગનું સંચાલન CMDE શાખા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ધોરણ-4 પર્યાવરણ MTs અને શિક્ષક તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજની IFIC શાખા દ્વારા નવાઅભ્યાસક્રમ મુજબ ધો-4 પર્યાવરણ તાલીમનું આયોજન તા.22-07-2019 થી તા.23-07-2019 દરમિયાન કરેલ જેમાં કુલ 102 માસ્ટર ટ્રેનર્સ કચ્છ જિલ્લાના તમામ  તાલુકામાંથી ઉપસ્થિત રહેલ હતા.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજ દ્વારા ધો-4 પર્યાવરણ શિક્ષક તાલીમનું આયોજન બે તબક્કામાં કરવામાં આવેલ છે. જે અનુક્રમે તા.26-07-2019 થી તા.27-07-2019 અને તા.26-07-2019 થી તા.27-07-2019 દરમિયાન થયેલ જેમાં અનુક્રમે 137 શિક્ષકો અને 1560 ધો-4 પર્યાવરણના આમ કુલ 1697 શિક્ષકોએ તાલુકા કક્ષાએ માસ્ટર ટ્રેનર્સ દ્વારા તાલીમ લીધેલ. તાલીમમાં નવા અભ્યાસક્રમના હેતુ, મેથડોલોજી, અભિગમ અને વિવિધ પ્રવૃત્તિઓ આધારિત તાલીમ આવી હતી.

## ધોરણ – 6 સામાજિક વિજ્ઞાન પ્રથમ સત્ર MTs અને શિક્ષક તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજની IFIC શાખા દ્વારા તા.13-08-2019 થી તા.14-08-2019 દરમિયાન કચ્છ જિલ્લાના તમામ તાલુકામાંથી ઉપસ્થિત રહેલ કુલ 87 માસ્ટર ટ્રેનર્સને NCERTના નવા પાઠ્યપુસ્તકના અભિગમ વિશે તાલીમ આપવામાં આવેલ તાલુકા કક્ષાએ સામાજિક વિજ્ઞાનના કુલ 1220 શિક્ષકોને તા. 26-08-2019 થી તા.27-08-2019 દરમિયાન તાલીમ આપવામાં આવેલ હતી.

## GAS- 2 કાર્યક્રમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજની CMDE શાખા દ્વારા તા.21-11-2019 થી તા.22-11-2019 દરમિયાન કચ્છ જિલ્લાની GAS-2 કાર્યક્રમના નમુનામાં પસંદ થયેલી શાળાઓમાં સર્વે કરવા માટે FIને તાલીમ આપવામાં આવી હતી અને નમુનાની શાળાઓના ધોરણ 4, 6 અને 7ના વિદ્યાર્થીઓનું કસોટી અમલીકરણ દ્વારા સર્વે કરવામાં આવ્યો હતો તે પરથી આંકડાકીય પૃથ્થકરણ દ્વારા જિલ્લાના પરિણામની સિદ્ધિની માહિતી પ્રાપ્ત થઈ હતી.

## ઇનોવેશન રાઈટ અપ વર્કશોપ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજની IFIC શાખા દ્વારા તા.16-02-2019 થી તા.18-02-2019 દરમિયાન ડાયટ-ભુજ ખાતે કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં નવત્તર પ્રવૃત્તિઓ દ્વારા અપેક્ષિત પરિણામો મેળવનાર શિક્ષકો ઇનોવેશન ફેસ્ટીવલમાં નક્કી કરેલ સોપાનો મુજબ પોતાના પ્રયોગને રજુ કરી શકે તે હેતુ અનુસાર ઇનોવેશન રાઈટઅપ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કુલ 48 શિક્ષકોએ ભાગ લીધેલ હતો.

## ઇનોવેશન ફેર સંકલન બેઠક

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજની IFIC શાખા દ્વારા ઇનોવેશન ફેસ્ટીવલનું સુચારુ આયોજન થાય તે હેતુસર જિલ્લાના BRCCs, TPEO, DEO અને DPEOની તેમજ સ્ટેટ કોર ટીમના સભ્યો અને જિલ્લા ઇનોવેશન કોર ટીમના અભ્યોની તા.31-12-2019ના રોજ સંકલન બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ઇનોવેશન ફેસ્ટીવલના આયોજન તેમજ તે અન્વયે તેમની કામગીરી સંદર્ભે ચર્ચા કરવામાં આવેલ હતું. આ ઉપરાંત ઇનોવેશનને કોર ટીમ દ્વારા મોડીફાય કરવામાં આવેલ અને યોગ્ય સુધારા કરવા સંદર્ભે જે માર્ગદર્શન પ્રાપ્ત થયેલ તે ઈનોવેટિવ ટીચર સાથે સંકલન કરી યોગ્ય માર્ગદર્શન આપી તેમાં સુધારા કરવા જણાવવામાં આવેલ હતું. આ સંકલન બેઠકમાં કુલ 21 મિત્રો ઉપસ્થિત રહ્યા હતાં.

# SSA/RTGS સ્કીમ અંતર્ગત થયેલ કાર્યક્રમો

## ધોરણ 10 ગણિત અને વિજ્ઞાન તાલીમ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજની IFIC શાખા દ્વારા તા.01-07-2019 થી તા.03-07-2019 દરમિયાન ધોરણ-10ના ગણિત વિષયના શિક્ષકોની તાલીમનું આયોજન કરવામાં આવેલ જેમાં ગણિત વિષયના કુલ 154 શિક્ષકો તાલીમમાં હાજર રહેલ હતા. તા.04-07-2019 થી તા.06-07-2019 દરમિયાન ધો.-10ના વિજ્ઞાન વિષયના શિક્ષકોની તાલીમનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ 167 વિજ્ઞાન શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતાં. બંને વિષયના મોડ્યુલ GCERT ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ અને તેના આધારિત વિષયવસ્તુ, અધ્યાપન પદ્ધતિ-પ્રવૃત્તિ અને વિવિધ પ્રવૃત્તિઓ આધારીત તાલીમ આપવામાં આવેલ હતી.

## નિષ્ઠા શિક્ષક તાલીમ ધોરણ 1 થી 8

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજની IFIC શાખા દ્વારા GCERTના આદેશ અનુસાર તાલુકા કક્ષાએ વિવિધ તબક્કાઓમાં ધોરણ 1 થી 8ના વડી  કચેરીએ નક્કી કરેલ સંખ્યા મુજબ શિક્ષકોને તાલીમ આપવામાં આવેલ. દરેક તબક્કાની નક્કી થયેલ તારીખ મુજબ કુલ 5 દિવસની તાલીમનું આયોજન કરવામાં આવેલ. સપ્ટેમ્બર-2019 થી માર્ચ 2020 દરમિયાન કુલ 4180 શિક્ષકોને તાલીમ આપવામાં આવેલ. ધોરણ 1 અને 2ના કુલ 1364 શિક્ષકો, ધોરણ 3 થી 5ના 1400 શિક્ષકો અને ધોરણ 6 થી 8ના 1416 શિક્ષકોને NCERT દ્વારા તૈયાર થયેલ મોડ્યુલ અને નવા અભિગમ મુજબ તાલીમ આપવામાં આવેલ હતી.

# PEC સ્કીમ અંતર્ગત થયેલ કાર્યક્રમો

## રોલ પ્લે અને ફોક ડાન્સ સ્પર્ધા

એનસીઈઆરટી, નવીદિલ્હી અને જીસીઈઆરટી, ગાંધીનગરના વસતિ શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ દ્વારા સરકારી માધ્યમિક શાળાઓ માટે જિલ્લા કક્ષાની નેશનલ રોલ પ્લે અને ફોક ડાન્સ કમ્પીટીશન ડાયટના સભાખંડ ખાતે યોજવામાં આવી હતી. વસતિ શિક્ષણ અને જીવન કૌશલ્યોને લગતી લઘુનાટિકા સ્પર્ધામાં પ્રથમ સ્થાને સરકારી હાઇસ્કુલ, જવાહરનગર, દ્વિતીય સ્થાને સરકારી મા. શાળા, રામપર- વેકરા અને તૃતીય સ્થાને સરકારી મા. શાળા, દુર્ગાપુરની ટીમ વિજેતા રહી હતી. લોકનૃત્ય સ્પર્ધામાં પ્રથમ સ્થાને સરકારી હાઇસ્કુલ, રામપર- વેકરા તા. માંડવી, દ્વિતીય સ્થાને ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઇસ્કુલ, ભુજ, અને તૃતીય સ્થાને સરકારી હાઇસ્કુલ, બાયઠ તા. માંડવીની ટીમ વિજેતા રહી હતી.

સ્પર્ધાનો પ્રારંભ દીપપ્રાગટ્યથી જિ. શિક્ષણાધિકારી ડૉ. ભગવાનભાઈ પ્રજાપતિ અને ડાયટના પ્રાચાર્ય શ્રી એચ. ટી. ગોર તથા સ્પર્ધક વિદ્યાર્થીઓએ કરાવ્યો હતો. સ્પર્ધાના સંયોજક વ્યાખ્યાતા સંજય પી. ઠાકરે હેતુ સ્પષ્ટ કરવા સાથે સ્પર્ધાનું માળખું જણાવ્યું હતું. આ નવત્તર સ્પર્ધામાં થીમ બેઇઝ નિર્ણાયક તરીકે ડૉ. દક્ષાબેન મહેતા, જ્યોતિબેન સોરઠીયા, સંજય પી. ઠાકર, ડૉ. કેશુભાઈ મોરસાણીયા, ડૉ. રક્ષાબેન ઉપાધ્યાય તથા દિવ્યાબેન વૈદ્યે કામગીરી સંભાળી હતી.

સમાપન કાર્યક્રમમાં નિર્ણાયકો અને વ્યખ્યાતાઓના હસ્તે મોમેન્ટો, રોકડ પુરસ્કાર, પુસ્તક અને પ્રમાણપત્ર ભેટ અપાયા હતા. આ સ્પર્ધામાં કર્મયોગી બની સેવા આપતા પ્રા. શિક્ષકો મદનકુમાર ઠક્કર મયુર ભાનુશાલી, દિનેશ વાણીયા, સમીર ચંદારાણા અને મહેશ ત્રિવેદીએ વ્યવસ્થામાં સહયોગ આપ્યો હતો. સુનીલભાઈ યાદવે કન્યા ભૂણહત્યા વિરોધી અને અશ્વિનભાઈ સુથારે સ્વચ્છતાના સપથ લેવડાવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મનન ઠક્કરે અને આભારવિધિ ડૉ. રક્ષાબેન ઉપાધ્યાયે કરી હતી. ડાયટના વ્યાખ્યાતા અને શિક્ષકોએ વ્યવસ્થા સંભાળી હતી.

## જેન્ડર સેન્સીટીવીટી કાર્યક્રમ

જીસીઈઆરટી-ગાંધીનગરના વસતિ શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભુજની DRU શાખા દ્વારા બી.એડ. અને ડી.એલ.એડ.ના તાલીમાર્થીઓ માટે જેન્ડર સેન્સીટીવીટી કાર્યક્રમનો એક વર્ગ ડાયટ-ભુજ ખાતે તા.16-09-2019ના દિને યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શ્રી સંજયભાઈ ઠાકર, દિવ્યાબેન વૈદ્ય, જ્યોતિબેન સોરઠીયા, ડૉ. રક્ષાબેન ઉપાધ્યાય, ડૉ. કેશુભાઈ મોરસાણીયા અને ડૉ. દક્ષાબેન મહેતાએ તજજ્ઞ તરીકે ભૂમિકા ભજવી હતી. આ કાર્યક્રમમાં જાતિ સંવેદનશીલતા અન્વયે વક્તવ્ય, ચર્ચા અને પ્રશ્નોત્તરી દ્વારા તાલીમાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં 63 તાલીમાર્થીઓ સહભાગી બન્યા હતાં.

## વિદ્યાર્થી સભાનતા કાર્યક્રમ

જીસીઈઆરટી–ગાંધીનગરના વસતિ શિક્ષણ એકમ અંતર્ગત NISD અન્વયે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભુજની DRU શાખા દ્વારા માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે નશીલા દ્રવ્યો વિરુદ્ધ સભાનતા લાવવા માટે તા.06-12-2019ના દિને ઓલ્ફેડ હાઇસ્કુલ–ભુજ ખાતે એક તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં

કચ્છ જિલ્લાની માધ્યમિક શાળાઓમાંથી પસંદગીના 100 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં શ્રી સંજયભાઈ ઠાકર, ડૉ. દક્ષાબેન મહેતા અને ડૉ. આદિત્ય ચંદારાણાએ તજજ્ઞ તરીકે ફરજ બજાવી હતી.

## ટીચર્સ કેપેસિટી બિલ્ડીંગ વર્કશોપ

જીસીઈઆરટી-ગાંધીનગરના વસતિ શિક્ષણ એકમ અંતર્ગત NISD અન્વયે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજની DRU શાખા દ્વારા માધ્યમિક શાળાના શિક્ષકો માટે નશીલા દ્રવ્યો વિરુદ્ધ સભાનતા માટે કેપેસિટી બિલ્ડીંગ વર્કશોપનો એક વર્ગ તા.10-12-2019ના દિને ડાયટ ભુજ ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કચ્છ જિલ્લાની માધ્યમિક શાળાઓના 54 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં શ્રી. સંજયભાઈ ઠાકર, ડૉ. દક્ષાબેન મહેતા અને ડૉ. આદિત્ય ચંદારાણાએ તજજ્ઞ તરીકે ફરજ બજાવી હતી.

# PSTE શાખા અંતર્ગત થયેલ કાર્યક્રમો

## શૈક્ષણિક પ્રવાસ

શૈક્ષણિક પ્રવાસ તા.3 થી 7 જાન્યુઆરી 2020 દરમિયાન ડાયટ-ભુજ દ્વારા બી.એડ. અને ડી.એલ.એડ.ના તાલીમાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસ-રાજસ્થાનનું સફળતાપુર્વક આયોજન કરેલ હતું. જેમાં જોધપુર, શ્રીનાથજી, ઉદેયપુર, માઉન્ટ આબુ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કુલ 54 તાલીમાર્થીઓ અને 3 અધ્યાપકો જોડાયા હતા. પૌરાણિક ધરોહરની શૈક્ષણિક દ્રષ્ટીએ મુલાકાત અવિસ્મરણીય રહી હતી.

## પ્રજાસતાક દિનની ઉજવણી

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ ખાતે બી.એડ. અને ડી.એલ.એડ.ના તાલીમાર્થીઓ દ્વારા તા.26-01-2020ના દિને સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી. જે નિમિત્તે ડાયટનો સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. પ્રજાસતાક દિનની શરુઆત ધ્વજવંદનથી કરવામાં આવી હતી. ધ્વજવંદનની સાથે સૌએ રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. ત્યારબાદ ડી.એલ.એડ. અને બી.એડ.ના તાલીમાર્થીઓએ દેશભકિત ગીતો રજુ કર્યા હતા. કેટલાંક તાલીમાર્થીઓએ આ પ્રસંગને અનુરૂપ સ્પીચ પણ આપી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી ભાવસારભાઈ દ્વારા પ્રજાસતાક દિન સંદર્ભે સ્પીચ આપવામાં આવી હતી અને ડૉ. રીઝવાન રાજા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

## નડાબેટ - સરહદની મુલાકાત

તા. 02-02-2020 ના રોજ ડાયટ ભુજના બી.એડ.ના તાલીમાર્થીઓ અને શૈક્ષણિક સ્ટાફ મળીને 65 લાભાર્થીઓ બનાસકાંઠાના ‘વાવ’ તાલુકાના નડાબેટ ભારત-પાકિસ્તાનના સરહદી વિસ્તારની મુલાકાતે ગયા હતાં. જ્યાં રસ્તામાં આવતા સાંતલપુર તાલુકાના ધોક્વાડા પ્રા. શાળાની મુલાકાત લીધી હતી. ત્યાં દરગાહ તેમજ ચારણકામાં એશિયાનો સૌથી મોટો ‘સોલાર પ્લાન્ટ સીસ્ટમ’ ધરાવતું ગામડું તથા નીલગાય, રોઝ, હરણ, બોર્ડર સિક્યોરિટી ફોર્સની કામગીરીથી સૌ માહિતગાર બન્યા. બોર્ડર પર સાંસ્કૃતિક કાર્યક્રમોમાં કચ્છ ડાયેટ દ્વારા કચ્છી લોકનૃત્ય ડાયેટની તાલીમાર્થીનીઓ દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. ડાયેટ પ્રાચાર્ય દ્વારા કચ્છી સાલથી મહેમાનો તેમજ બી.એસ.એફ.ના જવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

# 12. ઇકો ક્લબ

જી.સી.ઈ.આર.ટી.-ગાંધીનગર દ્વારા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજના માધ્યમથી કચ્છ જિલ્લાની 1734 પ્રાથમિક શાળાઓને ઇકો ક્લબ પ્રવૃતિના પ્રથમ તબક્કા અંતર્ગત રૂ|. 1000/- લેખે કુલ રૂ|. 17,34,000/નું અનુદાન આપવામાં આવ્યું હતું. આ અનુદાન કચ્છ જિલ્લાની પંચાયતી પ્રાથમિક શાળાઓને SMCના એકાઉન્ટમાં RTGSથી જમા કરવામાં આવ્યું હતું. ઇકોકલબ પ્રવૃત્તિ અંતર્ગત ડાયટ ભુજને રૂ|. 5000/-નું અનુદાન આપવામાં આવ્યું હતું. કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઇકોક્લબ અંતર્ગત નીચે મુજબની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી હતી.

* શાળા બાગ
* ઔષધ બાગ
* કિચન ગાર્ડન
* વૃક્ષારોપણ અને તેની જાળવણી
* સ્વસ્થ જમીનનું નિર્માણ કરવું.
* અક્ષયપાત્ર, પક્ષીઘર અને જળપાત્ર મૂકવા
* પાણીનો યોગ્ય ઉપયોગ કરવાની પ્રવૃત્તિ
* ફૂલવાડી અને તુલસીવનનું નિર્માણ કરવું
* વરસાદી પાણીનો સંગ્રહ કરવો
* ઘન કચરાનો નિકાલ કરવો
* કેમ્પસ ડેવલપમેન્ટ
* પર્યાવરણ સબંધિત વિવિધ દિનની ઉજવણી
* પર્યાવરણની જાણવણી કરવી
* પર્યાવરણ સબંધિત વિવિધ સ્પર્ધાઓનું આયોજન

કચ્છ જિલ્લાની વિવિધ શાળાઓમાં ઉપરોક્ત ઇકોક્લબ પ્રવૃત્તિઓ થાય તે માટે ડાયેટ ભુજની WE શાખા દ્વારા ઇકોક્લબ શાળાકીય પ્રવૃતિનું આયોજન કરી તાલીમમાં ઉપસ્થિત મુખ્ય શિક્ષકોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઇકોક્લબ પ્રવૃતિની અસરકારકતા ચકાસવા ડાયટ-ભુજના લેકચરર્સ દ્વારા પોતાને સોંપાયેલ તાલુકાની પ્રાથમિક શાળાઓનું ઇકોક્લબ પ્રવૃત્તિ અંતર્ગત મોનીટરીંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દરેક લાયઝન ઓફિસર દ્વારા પોતાના તાલુકાની પ્રાથમિક શાળાઓમાં થયેલ ઇકોક્લબ પ્રવૃતિના અહેવાલ અને યુટીસીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. આ એકત્રીકરણ બાદ ડાયટ-ભુજની WE શાખા દ્વારા ઇકોક્લબ ડોકયુમેન્ટેશન વર્કશોપનું આયોજન કરી જિલ્લા કક્ષાનું ઇકોક્લબ ડોકયુમેન્ટ તૈયાર કરવામાં આવ્યું હતું.

# 13. બાળમેળા અને લાઈફ સ્કીલ મેળા

જી.સી.ઈ.આર.ટી.-ગાંધીનગર દ્વારા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભુજ દ્વારા શાળા પ્રવેશોત્સવના દિને સમગ્ર કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શાળા કક્ષાએ અનુક્રમે બાળમેળા અને લાઈફ સ્કીલ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળમેળામાં ધોરણ 1 થી 5માં માટીકામ, કાતરકામ, ચીટકકામ, રંગપૂરણી, કાગળકામ, એક મિનીટ, પઝલ્સ, હાસ્ય દરબાર, કાર્ટુન ફિલ્મ, ચિત્ર સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, અક્ષરલેખન, બાળગીત, બાળવાર્તા અને વેશભૂષા વગેરે જેવી પ્રવૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. લાઈફ સ્કીલ મેળામાં ધોરણ 6 થી 8માં ફ્યુઝ બાંધવો, કૂકર બંધ કરવું, ખીલ્લી લગાવવી, ટાયરનું પંક્ચર કરવું. પડીકાં બાંધવા, વેસ્ટમાંથી બેસ્ટ, નિબંધ લેખન સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધા વગેરે જેવી પ્રવૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કચ્છ જિલ્લામાં વર્ષ : 2019-20 અંતર્ગત 1734 પ્રાથમિક શાળાઓમાં રૂ.500/- લેખે કુલ રૂ.8,67,000/-અને લાઈફ સ્કીલ મેળા અંતર્ગત 1552 પ્રાથમિક શાળાઓમાં રૂ.500/- લેખે રૂ.7,76,000/- એમ કુલ રૂ.16,43,000/-ની ગ્રાન્ટ પ્રાથમિક શાળાઓમાં SMCના એકાઉન્ટમાં RTGSથી જમા કરવામાં આવી હતી. બાળમેળા અને લાઈફ સ્કીલ મેળાના દિને જે તે તાલુકાના લાયઝન ઓફિસર દ્વારા બાળમેળા અને લાઈફસ્કીલ મેળા પ્રવૃતિનું મોનીટરીંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડાયેટ ભુજની WE શાખા દ્વારા કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં થયેલ બાળમેળા અને લાઈફસ્કીલ મેળા પ્રવૃતિઓના આધારે જિલ્લા કક્ષાનું બાળમેળા અને લાઈફ સ્કીલ મેળા ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવ્યું હતું.

# 14. કલા ઉત્સવ

ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાના ધો.-6 થી 12ના વિદ્યાર્થીઓ માટેનો જિલ્લા કક્ષાનો કલા ઉત્સવ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજ ખાતે યોજાયો હતો. જીસીઇઆરટી-ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ દ્વારા યોજાયેલા મહાત્મા ગાંધીજીની 150મી જન્મજ્યંતિની ઉજવણી અંતર્ગત કલા ઉત્સવમાં ચિત્ર, કાવ્ય લેખન, નિબંધ અને વકતૃત્વ એમ ચાર સ્પર્ધા બાર વિભાગમાં તાલુકા અને એસ.વી.એસ.માં પ્રથમ સ્થાને વિજેતા થનાર 80 બાળ કલાકારો વચ્ચે સ્પર્ધા યોજાઈ હતી. જેમાં બાળ કલાકારોની પ્રતિભા ખીલી ઉઠી હતી.

કાર્યક્રમના પ્રારંભે ડાયટ ભુજના પ્રાચાર્ય શ્રી એચ. ટી. ગોર અને બાળ કલાકારો દ્વારા દીપ પ્રાગટ્ય કરાયું હતું. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી સંજયભાઈ પરમાર અને જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભગવાનભાઈ પ્રજાપતિએ બાળકલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાનું માળખુ અને આયોજનનો હેતુ સંયોજક વ્યાખ્યાતા શ્રી સંજય પી. ઠાકરે જણાવ્યા બાદ ચાર સ્પર્ધાઓના બાર વિભગના બાળ કલાકારોએ પોતાની કલાના કામણ પાથર્યા હતાં. નિર્ણાયકો તરીકે જે તે સ્પર્ધામાં નિષ્ણાંત વ્યકિતઓએ સેવાઓ આપી હતી. વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ શિક્ષણ વિભગના આ કાર્યક્રમને બિરદાવી દર વર્ષે સ્પર્ધા યોજવા અનુરોધ કર્યો હતો. સ્પર્ધા સંચાલન ઉષ્માબેન શુક્લએ કર્યું હતું.

જિલ્લા કક્ષાએ વિજેતા થનાર બાળ કલાકારોમાં ચિત્ર સ્પર્ધા-ઉચ્ચ પ્રાથમિક ધો. 6 થી 8માં પ્રથમ સ્થાને સુમરા (ઓરીરા), માધ્યમિક ધો.9 થી 10માં પ્રથમ ભૂમિકા ચતુર્વેદી (ગાંધીધામ) અને ઉચ્ચ માધ્યમિક ધો.11 થી 12માં હેતવી અધારા(ગાંધીધામ) વિજેતા થયા હતા. કાવ્યલેખનમાં ઉચ્ચ પ્રાથમિક ધો. 6 થી 8માં પ્રથમ સ્નેહ પટેલ (રત્નાપર), માધ્યમિક ધો. 9 થી 10માં પ્રિયા જસાણી(ભુજપુર), અને ઉચ્ચ માધ્યમિક 11 થી 12માં દિપાલી મહેશ્વરી (ભચાઉ) વિજેતા થયેલ હતા. વકતૃત્વ સ્પર્ધામાં ઉચ્ચ પ્રાથમિક ધો. 6 થી 8માં પ્રથમ ચાંદની સોલંકી (ગાંધીધામ), માધ્યમિક ધો. 9 થી 10માં સાનિયા ખત્રી (ભુજપુર) અને ઉચ્ચ માધ્યમિક 11 થી 12માં પ્રતીક્ષાબા જાડેજા ( કેરા) વિજેતા થયેલ હતા. જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવનાર બાલ સર્જકો નજીકના ભવિષ્યમાં રાજ્ય કક્ષાએ કચ્છનું પ્રતિનિધિત્વ કરશે. બાળ કલાકારોને રોકડ પુરસ્કાર, મોમેન્ટો, પ્રમાણપત્ર અને શૈક્ષણિક કીટથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# 15. ગણિત-વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિઓ

કચ્છ જિલ્લાની 5 પ્રાથમિક શાળાઓને દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ માટે પસંદ કરી બાયસેગ પર મોકલવામાં આવી હતી. સાથે સાથે આ શાળાઓને સાયન્સ સિટીની પણ મુલાકાત કરાવવામાં આવી હતી. કચ્છ જિલ્લાના 5 શિક્ષકોને વિજ્ઞાન અને ટેકનોલોજી તથા ગણિત વિષયના પાઠ આપવા માટે પસંદ કરી બાયસેગ પર મોકલવામાં આવ્યા હતા. સી.આર.સી., બી.આર.સી. અને સંકુલ કક્ષાના વિજ્ઞાન પ્રદર્શન, જિલ્લા કક્ષાનું વિજ્ઞાન પ્રદર્શન અને ગણિત-વિજ્ઞાન મંડળ અંતર્ગત વિજ્ઞાન- ગણિત પ્રદર્શનના સંદર્ભમાં વિજ્ઞાન સલાહકાર બેઠક, વિજ્ઞાન પ્રદર્શનના આયોજન માટે જિલ્લા કક્ષાની બેઠક અને વિજ્ઞાન પ્રદર્શન એપ્રાઈઝલ ફોર્મ બેઠક વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.

# 16. વિજ્ઞાન મેળા

## જિલ્લા કક્ષાનું વિજ્ઞાન – ગણિત - પર્યાવરણ પ્રદર્શન

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજ દ્વારા આયોજિત તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીના સંકલનથી જિલ્લા કક્ષાનો વિજ્ઞાનમેળો શ્રી નાલંદા વિદ્યા મંદિર મોટી નાગલપર, તા-અંજાર ખાતે યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમના મુખ્ય મહેમાન માનનીય શ્રી વાસણભાઈ આહીર-રાજ્યકક્ષાના મંત્રીએ પ્રસંગ અનુરૂપ વક્તવ્ય આપી વિજ્ઞાનમેળામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. તા.26-09-2019 થી તા.28-09-2019 દરમિયાન વિજ્ઞાનમેળામાં 101 શાળાના 136 શિક્ષકો 2140 વિદ્યાર્થીઓ અને 4184 ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. વિજ્ઞાનમેળામાં પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓની કૃતિઓ રજુ કરાઈ હતી. વિજ્ઞાનમેળાના આયોજનને સફળ બનાવવા જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ભગવાનભાઈ પ્રજાપતિ , જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી સંજ્યભાઈ પરમાર અને ડાયેટ ભુજના પ્રાચાર્ય અને વિજ્ઞાન સલાહકાર શ્રી. એચ. ટી.ગોર સહિતનાનો સહયોગ સાંપડ્યો હતો.

# 17. એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ

જીસીઇઆરટી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ ડાયેટ ભુજની IFIC શાખા અંતર્ગત ઇનોવેશન સેલ ભુજ દ્વારા જિલ્લા કક્ષાના પાંચમા એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન તા.07-01-2020 થી તા.08-01-2020 દરમિયાન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાથમિક શાળાના શિક્ષકો, માધ્યમિક શાળાના શિક્ષકો અને તાલીમી સંસ્થાઓના વ્યાખ્યાતાઓ મળી 42 ઇનોવેશન પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. ઈનોવેટિવ ટીચર્સ દ્વારા પ્રદર્શિત કરવામાં આવેલ નવતર પ્રવૃતિઓનું નિદર્શન કચ્છ જિલ્લાના 1116 શિક્ષકોએ કર્યું હતું.